નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date : 4 MARCH 2025 | TUESDAY | Page : 8 | Year : 2 | Issue :282 | Price: 2/-



પૂજ્ય જલારામ બાપા વિશે અમરેલીના જ્ઞાનપ્રકાશ સ્વામીના બેફામ બફાટથી યાત્રાધામ વીરપુરમાં ભારે રોષ

જુઓ પેજ નં. ૧૩

# વિશ્વ વન્ય જીવ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સવારે સફારી પાર્કમાં સિંહ દર્શનનો લ્હાવો લીધો

**અનોખા અંદાજમાં ફોટોગ્રાફી; નેશનલ વાઈલ્ડ લાઈફ બેઠકમાં સંબોધન કર્યુ : એશિયાઈ સિંહોના સંરક્ષણ અંગે વન અધિકારીઓ – કર્મીઓ સાથે સંવાદ કર્યો**



રાજકોટ તા. ૩ઃ ગુજરાત-સૌરાષ્ટ્રનાં પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે વહેલી સવારે સાસણ ગીર ખાતેના સફારી પાર્કની મુલાકાત લઈ ખુલ્લી જીપમાં વન્ય પ્રાણીઓનાં ફોટા પાડી સિંહ દર્શનનો લ્હાવો લીધો હતો. બાદ વન વિભાગનાં અધિકારીઓ સાથે એશીયાઈ સિંહોના સંરક્ષણ માટે રૂબરૂ સંવાદ કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વહેલી સવારે સુર્યોદય સાથે ખુલ્લી જીપમાં સાસણ ગીરનાં સફારી પાર્કમાં સિંહ દર્શન માટે પહોંચ્યા હતા. વડાપ્રધાનના કાફલાને ભંભાફોલ નાકાથી પ્રવેશ થયા બાદ રૂટ નંબર બે ઉપરથી ખુલ્લી સફારી જીપમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી માથે ટોપી, હાથમાં કેમેરા સાથે ગીરમાં પ્રવેશી હાથમાં કેમેરો પકડી સિંહ સહીતનાં અનેક વન્ય પ્રાણીઓનાં ફોટા પાડયા હતા. અનેક સ્થળોએ તેણે દુરબીનથી વન સૃષ્ટિનાં દુરનાં દ્રશ્યો નજીકથી નિહાળ્યા હતા. બાળ સિંહને લાડ કરતા માતા સિંહણને કેમેરામાં કેદ કરી હતી તો એક સ્થળે ડાલા મથ્થાને નિહાળી જીપને ઉભી રખાવી દીધી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતનાં સાસણ ગીરમાં વિશ્વ વન્ય જીવન દિવસ ઉજવ્યો હતો.તેમણે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં સફારી કરી પ્રધાનમંત્રી બન્યા પછી પીએમ મોદીનો સાસણ-સફારીનો પહેલો કાર્યક્રમ હતો.સુર્યોદય સાથે જ વનમાં સિંહ દર્શનનો લ્હાવો લીધો હતો. બાદ નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં હાજરી આપવા સાસણ સદન પરત ફર્યા હતા. જે બાદ વર્લ્ડ વાઈડલાઈફની કોન્ફરન્સમાં વન વિભાગના ઉચ્ચકક્ષાના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. બેઠક પહેલાં મોદીએ નેશનલ રેફરલ સેન્ટર જૂનાગઢનો શિલાન્યાસ કર્યો અને રિવર ડોલ્ફિનની વસતિ અંગેનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. સાસણથી વડાપ્રધાન રાજકોટ જવા રવાના થયા હતા. રાજકોટ પહોંચ્યા બાદ દિલ્હી જવા રવાના થયા હતા.

# આજે મોટો ધડાકો થશેઃ ટ્રમ્પની એક પોસ્ટને આખી દુનિયામાં હલચલ

## શું પુતિન સાથે મિટિંગ કે પછી ઝેલેન્સ્કી જોડે બદલો લેવાનો કોઈ પ્લાન!

વોશિંગ્ટન, તા. ૪ઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની એક પોસ્ટથી હંગામો મચાવી દીધો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર એક પોસ્ટમાં કહ્યું છે કે આજની રાત ખૂબ મોટી થવાની છે. આ પોસ્ટ પછી આખી દુનિયામાં આ વાતને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે કે શું ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે બદલો લેવાની તૈયારી કરી લીધી છે કે પછી તેઓ પુતિન સાથે મુલાકાત કરીને કોઈ નવો 'બોમ્બ'



ફોડવાના છે?

આ પોસ્ટના એક કલાક પહેલાં ડોનાલ્ડ ટ્રમ્પે બીજી પોસ્ટ પણ મૂકી હતી. આમાં તેમણે કહ્યું છે કે એકમાત્ર રાષ્ટ્રપતિ જેમણે રશિયાને યુક્રેનની એકપણ જમીન આપી નથી તે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ છે. યાદ રાખો કે જ્યારે નબળા અને બિનઅસરકારક ડેમોક્રેટ્સ ટીકા કરે છે, ફેક ન્યૂઝ ખુશી-ખુશી તેમની કહેલી દરેક વાતને સામે લાવી દે છે!

યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે શુક્રવારે થયેલી બેઠક અને ઉગ્ર દલીલ પછી ટ્રમ્પે આ 'કાલની રાત મોટી હશે' એવી પોસ્ટ કરી છે. બંને નેતા વચ્ચે અમેરિકન રાષ્ટ્રપતિના ઓવલ ઓફિસમાં મુલાકાત થઈ હતી. બંને વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી. આ બધું એટલા માટે થયું, કારણ કે ઝેલેન્સ્કીએ કરાર પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે પુતિનની ટીકા પણ કરી હતી.

આ ઉગ્ર દલીલ પછી ઘણા દેશો ઝેલેન્સ્કીના સમર્થનમાં આવ્યા. આ યાદીમાં બ્રિટિશ વડાપ્રધાન સ્ટોર્મરનું નામ પણ સામેલ છે. ઝેલેન્સ્કીને મળ્યા બાદ તેમણે કહ્યું હતું કે તેમને અને દેશને અતૂટ ટેકો છે. લંડનમાં ઝેલેન્સ્કી અને સ્ટોર્મર વચ્ચે એક મુલાકાત પણ થઈ હતી. સ્ટોર્મરે ઝેલેન્સ્કીને કહ્યું કે જેમ તમે બહાર રસ્તા પર સૂત્રોચ્ચાર સાંભળ્યા છે, એમ તમને સમગ્ર યુકેમાં સંપૂર્ણ સમર્થન છે. તેમણે કહ્યું, અમે તમારી સાથે છીએ. યુદ્ધ ગમે તેટલો સમય ચાલે. આ અંગે ઝેલેન્સ્કીએ તેમનો અને બ્રિટનના લોકોનો તેમના સમર્થન અને મિત્રતા બદલ આભાર માન્યો. આ મુલાકાત પછી સ્ટોર્મરે શનિવારે સાંજે યુએસ પ્રમુખ ટ્રમ્પ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોન સાથે પણ વાત કરી હતી.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# દુષ્કર્મી સામે ન્યાયતંત્રની લાલ આંખ




મહારાષ્ટ્રના પૂણેમાં ફરી એક નિર્ભયા કાંડ થયો અને ઉહાપોહ પછી હવે ત્યાંનું તંત્ર હરકતમાં આવ્યું હોય, તેમ લાગે છે. આ સંદર્ભે દેશના પૂર્વ ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડે જે કાંઈ કહ્યું છે, તેની તથા પોક્સો કેસોમાં ગુજરાતમાં આવેલા અદાલતી ફેંસલાની ચર્ચા આજે માત્ર અદાલતી કે કાનૂની ક્ષેત્રો જ નહીં, પરંતુ મહિલા સુરક્ષા, સામાજિક સદ્ભાવ તથા ફેલાઈ રહેલી માનસિક વિકૃતિઓના સંદર્ભમાં પણ ટોક ઓફ ધ નેશન બની ગઈ છે.


ગઈકાલે એવા અહેવાલો આવ્યા હતાં કે ગુજરાતની વિવિધ અદાલતોમાં એક જ દિવસમાં પોક્સો કેસોમાં રાજકોટ, અમરેલી અને વડોદરાની ૭ પીડિતાઓને ન્યાય મળ્યો છે. અદાલતોએ અપરાધીઓ પ્રત્યે ઘણું કડક વલણ અપનાવ્યું છે, અને આ કેસો ઝડપથી ચલાવીને ઊંડાણપૂર્વકના અભ્યાસ તથા કેસના તમામ પાસાઓને ધ્યાને લઈને આ ફેંસલાઓ સંભળાવ્યા છે.

છેલ્લા ત્રણ વર્ષમાં અદાલતે ૯૪૭ ચૂકાદાઓ પોક્સોના કેસોની સુનાવણી પછી આપ્યા છે, જેમાં અપરાધીઓ પ્રત્યે કાનૂનની મર્યાદામાં રહીને પણ ઘણું જ કડક વલણ અપનાવાયું છે અને ત્રણ વર્ષમાં પોક્સો કેસોમાં અપાયેલા ચૂકાદાઓમાં ૫૭૪ અપરાધીઓને આજીવન કેદની સજા ફટકારાઈ છે, તે ઉપરાંત આ જઘન્ય ગુન્હા બદલ ૧૧ અપરાધીઓને ફાંસીએ લટકાવવાના ચૂકાદાઓ પણ આવ્યા છે. આ ચૂકાદાઓ આવ્યા, તેમાં પોલીસતંત્ર, સરકારી વકીલો તથા પોલિટિકલ સર્વસંમત ઈચ્છાશક્તિની પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આમ પણ કુમળી કન્યાઓ કે મહિલાઓને પીખી નાખતા ભેડિયાઓને અત્યંત કડક સજા થવી જ જેમાં બધા જ સહમત છે, અને આ મુદ્દો પોલિટિકલ છે જ નહીં, અને આ પ્રકારની નિંદનિય ઘટનાઓ દિન-પ્રતિદિન વધતી જ રહે છે, તેથી એ પણ પૂરવાર થાય છે કે અપરાધીઓને કાનૂનનો ડર નથી અને અત્યંત કડક સજાઓ થવા છતાં આ પ્રકારની ઘટનાઓમાં ઘટાડો રહ્યો નથી, તેથી આ સમગ્ર ઈશ્યુ હવે નવેસરથી જ વિચારવો પડે તેમ છે, ખરૂં કે નહીં? દેશના તાજેતરમાં જ નિવૃત્ત ચીફ જસ્ટિસ ડી.વાઈ. ચંદ્રચુડે પૂણેમાં એક બસમાં મહિલા સાથે થયેલા દુષ્કર્મ સંદર્ભે કહ્યું હતું કે નિર્ભયા કાંડ પછી કડક કાયદો બનાવાયો અને કેટલાક બદલાવ કરાયા, પરંતુ માત્ર કડક કાનૂન બનાવી દેવાથી સ્થિતિ નહીં સુધરે. ચંદ્રચુડે પણ આ કિસ્સામાં કડક અને ઝડપી સજા થાય, તેના પર ભાર મૂક્યો હતો. નિર્ભયાકાંડ બન્યો તેને બાર-તેર વર્ષ થઈ ગયા. સરકાર બદલી, કાયદા બદલ્યા, દેશવ્યાપી આંદોલનો થયા, તેમ છતાં હજુ પણ જો દુષ્કર્મની ઘટનાઓ વધતી જ રહેતી હોય, તો આ મનોવૃત્તિને માત્ર કાનૂન નહીં, પરંતુ સામાજિક અને નૈતિક અને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ પરખવી પડશે અને તત્કાળ અંકુશમાં લેવી પડશે, તેમ નથી લાગતું?

નાગરિકોને મળેલા બંધારણીય અધિકારો હેઠળ નીચલી અદાલતોમાં અપાતા ચૂકાદાઓ સામે અપીલ કરવાનો અધિકાર મળે છે અને પોક્સો જેવા કેસોમાં અપીલોની પણ ઝડપભેર સુનાવણી થાય અને દુષ્કર્મ કરનારા ભેડિયાઓને અત્યંત કડક સજાનો અમલ પણ નિયમાનુસાર પણ ઝડપથી થાય, તે ઉપરાંત સમાજમાં ફેલાઈ રહેલી બેખોફ વિકૃતિઓના કારણોના મૂળમાં જઈને સમાંતર લોકજાગૃતિ તથા યુવાવર્ગને ગુનાખોરી તથા વિકૃત માનસિક્તા તરફ ધકેલાતો અટકાવવાના ઉપાયો કરવા માટે હવે સમાજ, સરકાર, સંસ્થાઓ તથા ન્યાયક્ષેત્રે સહિયારા પ્રયાસો વધારવા જ પડે તેમ છે, ખરૂં ને?

# ગીર આવીને મને તે કામોની યાદો પણ તાજી થઈ ગઈ: વડાપ્રધાન





## ■ આપણે બધા જાણીએ છીએ તેમ ગીર એશિયાઈ સિંહનું ઘર છે : વડાપ્રધાને ટ્વિટ કર્યુ

રાજકોટ,તા.૩: છેલ્લા ઘણા વર્ષોમાં સામૂહિક પ્રયાસોથી એશિયાઈ સિંહોની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે; એશિયાઈ સિંહોના નિવાસસ્થાનને જાળવવામાં આદિવાસી સમુદાયો અને આસપાસના વિસ્તારોની મહિલાઓની ભૂમિકા પણ એટલી જ પ્રશંસનીય છેઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંદેશો આપ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગીરમાં સફારી પર ગયા, જે ભવ્ય એશિયાઈ સિંહના ઘર તરીકે જાણીતું છે.એક્ષ પર એક પોસ્ટમાં તેમણે લખ્યુંઃ આજે સવારે, WorldWildlifeDay પર, હું ગીરમાં સફારી પર ગયો, જે આપણે બધા જાણીએ છીએ તેમ ભવ્ય એશિયાઈ સિંહનું ઘર છે.

ગીરમાં આવવાથી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા આપતી વખતે અમે સામૂહિક રીતે કરેલા કાર્યની ઘણી યાદો પણ તાજી થઈ જાય છે. છેલ્લા ઘણા વર્ષોમાં સામૂહિક પ્રયાસોથી તે સુનિશ્ચિત થયું છે કે એશિયાઈ સિંહોની વસ્તીમાં સતત વધારો થઈ રહ્યો છે. એશિયાઈ સિંહોના નિવાસસ્થાનને જાળવવામાં આદિવાસી સમુદાયો અને આસપાસના વિસ્તારોની મહિલાઓની ભૂમિકા પણ એટલી જ પ્રશંસનીય છે.

“અહીં ગીરની કેટલીક વધુ ઝલક છે. હું તમને સૌને ભવિષ્યમાં ગીરની મુલાકાત લેવા માટે આગ્રહ કરું છું.“ “ગીરમાં સિંહો અને સિંહણો! આજે સવારે મેં ફોટોગ્રાફી કરવાનો પ્રયાસ કર્યો.“

**વિશ્વ વન્ય જીવ દિને સાસણમાં વડાપ્રધાને વૃક્ષારોપણ કર્યુ**

૩ માર્ચ આજે વિશ્વ વન્ય જીવ દિવસના દિને સાસણ ગીર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વહેલી સવારે સફારી પાર્કમાં સિંહ દર્શનનો અનોખા અંદાજમાં લ્હાવો લીધા બાદ નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં સંબોધન બાદ સાસણ ગીર કચેરીના પટાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશો વહેતો મુક્યો હતો.

**૭મી રાષ્ટ્રીય વન્ય જીવ બોર્ડની બેઠકમાં વડાપ્રધાનનું સંબોધન**

આજે ૩જી માર્ચ વિશ્વ વન્ય જીવ દિવસની ઉજવણી અંતર્ગત સાસણ ગીર ખાતે ૭મી નેશનલ વાઈલ્ડ લાઈફ બોર્ડ બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને મળી હતી જેમાં સચિવ, વન મંત્રી મુળુભાઈ બેરા, દેશભરમાંથી આવેલ વન અધિકારીઓની ઉપસ્થિતિમાં એશિયાઈ સિંહોના સંરક્ષક બાબતે ચર્ચા-વિમર્શ, પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. બેઠક બાદ કચેરીના પટાંગણમાં વન અધિકારીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રૂબરૂ સંવાદ કર્યો હતો.

**મોદીએ ખુલ્લી જીપમાં કેસુડા તોડયા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પહેલી સાસણ ગીર ખાતેના સફારી પાર્કમાં ખુલ્લી જીપમાં સિંહ દર્શનનો લ્હાવો લીધો હતો. સિંહ દર્શનના રૂટમાં વનમાં ખીલેલા કેસુડાનાં ફુલોનો નઝારો માણી કેસુડાના ફુલ તોડયા હતા.

# હાઉસીંગ સોસાયટી આડેધડ ટ્રાન્સફર ફી નહીં વસુલી શકે : રૂ. ૧ લાખની મર્યાદા

## રાજ્ય સરકારે નોટીફીકેશન બહાર પાડ્યુ : દસ્તાવેજની રકમના ૦.૫ ટકા અથવા એક લાખમાંથી જે ઓછુ હોય તેટલી જ ટ્રાન્સફર ફી વસુલી શકાશે : કાનૂની વારસદારોને ટ્રાન્સફરમાં સંપૂર્ણ મુક્તિ

અમદાવાદ : ગુજરાતમાં હાઉસિંગ સોસાયટીમાં ઘર વેચવું કે વારસામાં મેળવવું હવે વધુ પારદર્શક અને કોસ્ટ ઈફેક્ટિવ બનશે, કારણ કે રાજ્ય સરકારે ટ્રાન્સફર ફી મર્યાદિત કરી છે અને વધારાના ચાર્જ પર પ્રતિબંધ મૂક્યો છે.

ગુજરાત સહકારી સોસાયટી (સુધારા) બિલ, ૨૦૨૪ પસાર થયાના એક વર્ષ પછી, ગુજરાત સરકારે હાઉસિંગ સોસાયટીઓ માટે મહત્તમ ટ્રાન્સફર ફી માટેના નિયમો સૂચિત કરીને વિકાસ ચાર્જ પર પ્રતિબંધ મૂક્યો છે.

સૂચિત નવા નિયમો અનુસાર, ટ્રાન્સફર ફી અવેજ મૂલ્યના ૦.૫% અથવા રૂ. ૧ લાખ, જે પણ ઓછું હોય તે મર્યાદિત કરવામાં આવી છે. નિયમોમાં સોસાયટીઓને નવા સભ્યો પાસેથી વિકાસ ચાર્જ, દાન અથવા અન્ય કોઈપણ ભંડોળમાં યોગદાનની માંગણી કરવાથી પણ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે.

ગેઝેટ નોટિફિકેશનમાં સૂચિત ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) નિયમો, ૨૦૨૫ અનુસાર, હાઉસિંગ અથવા હાઉસિંગ સર્વિસ કો-ઓપરેટિવ સોસાયટીઓના કિસ્સામાં ટ્રાન્સફર ફી રૂ. ૧ લાખ સુધી મર્યાદિત કરવામાં આવી છે. ''આવાસ અથવા ગૃહ સેવા સહકારી મંડળી, બાય લોની જોગવાઈઓને આધીન, ટ્રાન્સફર કરેલી મિલકતના અવેજ મૂલ્યના ૦.૫% થી વધુ દર અથવા રૂ. ૧ લાખ, જે ઓછું હોય તેનાથી વધુ ટ્રાન્સફર ફી વસૂલ કરશે નહીં.''જ્યાં કોઈ મિલકત નાણાકીય અવેજ વિના કાનૂની વારસદારને ટ્રાન્સફર કરવામાં આવી રહી હોય, ત્યાં કોઈ ટ્રાન્સફર ફી લાગુ થશે નહીં. નિયમો વિકાસ ચાર્જ હેઠળ કોઈપણ વધારાની રકમ વસૂલવા પર પણ પ્રતિબંધ મૂકે છે. ''ટ્રાન્સફર સમયે ટ્રાન્સફર કરનાર અથવા ટ્રાન્સફર મેળવનાર પાસેથી વિકાસ ચાર્જ, દાન અથવા અન્ય કોઈપણ ભંડોળમાં યોગદાન માટે અથવા અન્ય કોઈપણ બહાના હેઠળ કોઈ વધારાની રકમ વસૂલવામાં આવશે નહીં.''



ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) બિલ, ૨૦૨૪, ગયા વર્ષે ૨૯ ફેબ્રુઆરીના રોજ પસાર કરવામાં આવ્યું હતું. રહેણાંક એકમના નવા માલિક પાસેથી સોસાયટીઓ દ્વારા વસૂલવામાં આવતી ટ્રાન્સફર ફી અંગે કોઈ ચોક્કસ જોગવાઈ નહતી.દર વર્ષે, આ કાયદા હેઠળ ૧,૫૦૦ નવી હાઉસિંગ સોસાયટીઓ નોંધાય છે. જો કોઈ જોગવાઈ ન હોય તો, સોસાયટીનું મેનેજમેન્ટ નવા માલિક પાસેથી તેમની વિવેકબુદ્ધિ મુજબ ટ્રાન્સફર ફી વસૂલ કરે છે. ટ્રાન્સફર ફી ક્યારેક લાખ રૂપિયા સુધી વધી જાય છે અને સોસાયટી નવા માલિકને તે ચૂકવવા દબાણ કરે છે. તેથી જ સરકારે એક નવી જોગવાઈ દાખલ કરી છે જે સરકારને ટ્રાન્સફર ફી નક્કી કરવા માટે ચોક્કસ નિયમો ઘડવાની સત્તા આપશે. એકવાર આ સુધારેલો કાયદો અમલમાં આવશે, પછી સોસાયટીના ચેરમેન કે સેક્રેટરી મનસ્વી રીતે ટ્રાન્સફર ફી વસૂલ કરી શકશે નહીં.રિયલ એસ્ટેટ નિષ્ણાતો અને ઘર ખરીદનારાઓએ આ પગલાનું સ્વાગત કર્યું છે, તેને ખૂબ જ જરૂરી સુધારો ગણાવ્યો છે. વર્ષોથી, સોસાયટીઓ ભારે ફી વસૂલવા માટે છટકબારીઓનો ઉપયોગ કરે છે. આ નિયમન ઘરમાલિકોનું રક્ષણ કરશે અને પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવશે.

# અમેરિકા જવા ગુજરાતનો પટેલ યુવક હુસૈન બન્યો!

- **તાજેતરમાં અમેરિકાથી ડિપોર્ટ થયેલા યુવકનો પાસપોર્ટ જોઈ ઈમિગ્રેશન અધિકારીઓ ચોંકી ઉઠયા**

નવીદિલ્હી,તા.૪ઃ અમેરિકા જવા માટે ગુજરાતીઓ કેવા કેવા ખોટા રસ્તા અપનાવે છે, તેના કિસ્સા તો ઘણા બહાર આવ્યા છે. કોઈની ઓળખ ચોરીને બનાવેલા ફેક પાસપોર્ટ પર અમેરિકા જનારા પણ ઘણા ગુજરાતીઓ છે. પરંતુ એક પટેલ યુવક તો આ બધાથી એક સ્ટેપ આગળ નીકળી ગયો. તે ભારતના કટ્ટર દુશ્મન પાકિસ્તાનનો નાગિરક બનીને અમેરિકામાં ઘૂસી ગયો હતો.

ફેબ્રુઆરી ૧૨, ૨૦૨૫ એ અમેરિકાથી ફ્લાઈટ -૨૯૨માં ડિપોર્ટ કરાયેલા ઈન્ડિયન્સમાં આ પટેલ યુવક પણ હતો. તે દિલ્હી એરપોર્ટ પર ઉતર્યો ત્યારે તેનો પાસપોર્ટ જોઈને ઈમિગ્રેશન ઓફિસર્સ ચોંકી ગયા હતા.

પાસપોર્ટ વિશે ઊંડાણ પૂર્વક તપાસ કરતા ચોંકાવનારી માહિતી સામે આવી હતી કે, તે પાસપોર્ટ તે પાકિસ્તાનના નાગરિક એમ.ડી. નાજિર હુસૈનના નામની વ્યક્તિનો હતો અને તેણે પોતાનો પાસપોર્ટ ખોવાઈ ગયાની ઘણા સમય પહેલા ફરિયાદ નોંધાવેલી હતી.

એસી પટેલ નામના આ યુવકે દુબઈના એજન્ટ્સ પાસે આ પાસપોર્ટ બનાવડાવ્યો હોવાની કબૂલાત કરી હતી. દુબઈથી સીધા અમેરિકા સહેલાઈથી જઈ શકાય તે માટે પોતાની ગુજરાતી તરીકે ઓળખ ભૂંસવા તેણે પાકિસ્તાની નાગરિક તરીકેના પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો.

જોકે, અમેરિકાના અધિકારીઓએ તેની ચોરી પકડી લીધી હતી અને તેને ઈન્ડિયા ડિપોર્ટ કરી દીધો હતો. દિલ્હી એરપોર્ટ પર તેની ધરપકડ કરાયા બાદ પોલીસે વધુ તપાસ કરી તો સામે આવ્યું હતું કે, આ પટેલ યુવકનો પોતાનો પાસપોર્ટ ૨૦૧૬માં એક્સ્પાયર્ડ થઈ ગયો હતો. તે પછી તેણે નવા પાસપોર્ટ માટે અરજી કરવાને બદલે હ્યુમન ટ્રાફિકિંગનું નેટવર્ક ચલાવતા એજન્ટ્સનો સંપર્ક કર્યો હતો.જેમણે તેને પાકિસ્તાની નાગરિક હુસૈનની ઓળખ ચોરી તેના નામનો પાસપોર્ટ બનાવી આપ્યો હતો અને તેને દુબઈથી અમેરિકા પહોંચાડવાની ગોઠવણ કરી આપી હતી.સૂત્રોએ જણાવ્યું હતું કે, હ્યુમન સ્મગલર્સ એવા પાસપોર્ટ ચોરે છે જેના પર યુએસના વિઝા મળવા સરળ હોય. ઘણી વખત તો આ એજન્ટ્સ યુએઈના સિટીઝનના પાસપોર્ટનો પણ ઉપયોગ કરતા હોય છે.દિલ્હી એરપોર્ટ પર પકડાયેલા પટેલ યુવકના મામલામાં પોલીસ વધુ તપાસ કરી રહી છે. તેની સામે ખોટા ડોક્યુમેન્ટ્સ રાખવા બદલ સેક્શન ૩૧૮(), ખોટા ડોક્યુમેન્ટ્સનો ઉપયોગ કરવા માટે સેક્શન ૩૧૯(૨), ખોટી ઓળખ ઊભી કરી છેતરપિંડી કરવા બદલ અને ઈન્ટરનેશનલ ટ્રાવેલના કાયદાઓનો ભંગ કરવા માટે ગુનો નોંધવામાં આવ્યો છે.

# સિવિલ હોસ્પિટલના ફાયર સાધનોની જાળવણીમાં કરોડો રૂ.૩.૫૪ કરોડના કૌભાંડનો કોંગ્રેસ અગ્રણીઓનો આક્ષેપ

રાજકોટ તા.૪: વર્ષ ૨૦૧૯-૨૦થી સિવિલ હોસ્પિટલમાં ફાયર સાધનોની જાળવણી માટે ટેન્ડરમાં રૂા.૩.૫૪ કરોડનાં ભ્રષ્ટાચાર બાબતે શહેર કોંગ્રેસના આગેવાનોએ આજે સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને આવેદનપત્ર પાઠવી કરોડો રૂપિયાના કૌભાંડમાં તાત્કાલીક નિયમ અનુસાર પગલા લેવા માંગણી ઉઠાવી છે.



આવેદનપત્રમાં જણાવ્યા મુજબ રાજકોટ સિવિલ હોસ્પીટલના તત્કાલીન સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ આર.એસ. ત્રિવેદી આ બીલોની ચકાસણી કરી પ્રમાણીત કરનાર ટેકનીકલ સુપરવાઈઝર, અધિકારી, વહીવટી અધિકારી આર.એમ.ઓ. અને આ કામની એજન્સી વિશ્વાસ ગ્રુપ ઓફ કંપની સામે ન્યાયીક તપાસ કરાવી પ્રજાની તિજોરીમાંથી ફરજ બેદરકારી, મીલાપીપણું કરી ગેરકાયદેસર રીતે સાથે મળી આચરેલ નાણાકીય કૌભાંડની સીલ-સીલાબંધ વિગતો મેળવી નાણા વસુલવા કાર્યવાહી કરવા અને આ કૌભાંડના દરેક સામે ખાતાકીય તેમજ ફોજદારી પગલાઓ ભરવા આપની કક્ષાએથી ન્યાયોચિત કાર્યવાહી કરવા અને આપના દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની અમોને લેખીતમાં જાણ કરવા વિનંતી.

વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં વિશ્વાસ ગ્રુપ ઓફ કંપનીને વાર્ષિક ધોરણે અપાયેલ મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટમાં ટેન્ડરની શરતો મુજબ આખી હોસ્પીટલનું ફાયર મેઈન્ટેનન્સ કરવાનું હતું. પછી શા માટે વિભાગ પ્રમાણે બીલો મુકી પાસ કરાવવામાં આવ્યા.

૮૬ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ના નવા ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા ત્યારે આ કામની અલગ અલગ એજન્સીઓ દ્વારા ત્રણ ગણા ભાવ વધુ હોય તેમ કહી પરચેઝ કમિટિએ નામંજુર કરેલ અને શંકાજનક રીતે ૨૦૨૪ સુધી વિશ્વાસ એજન્સી પાસે જ કામગીરી કરાવવામાં આવી, બીજી-કે-ત્રીજીવાર ટેન્ડર પ્રસિધ્ધ કરી નવી એજન્સી માટે કોઈજ નિયમ અનુસાર કાર્યવાહી શા માટે કરવામાં ન આવી?

ફાયર સેફટી મેઈન્ટેનન્સની ૧ વર્ષમાં કેટલી સર્વિસ આપવા નક્કી કરવામાં આવેલ. આવી પ્રતિ સર્વિસના મંજુર થયેલ ભાવ કેટલા હતા તેમજ પ્રમાણપત્ર રજુ કરવાનો સમય શું નક્કી કરવામાં આવ્યો હતો.? ફાયર મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટરને કુલ ચુકવવામાં આવેલ નાણા રૂા. ૩,૫૪,૩૨,૬૩૮/-(રૂપિયા ત્રણ કરોડ ચોપન લાખ બત્રીસ હજાર છસ્સો આડત્રીસ પુરા) કયા પ્રકારનું મેઈન્ટેનન્સ કરવામાં આવ્યું. ... ના સાધન સામગ્રી ખરીદીના કુલ કેટલા બીલ આવ્યા, ખરીદી અંગે કુલ કેટલી રકમ ચુકવી.!તા. ૦૩/૦૭/૨૦૨૧ અ.ઉ. શાખા વિશ્વાસ ગ્રુપ ઓફ કંપની, બીલ નંબર ૧૧ થી તા. ૨૯/૦૬/૨૦૨૧, બીલ નં. ૧૫ તા. ૨૯/૦૬/૨૦૨૧ કુલ રકમ રૂા. ૧૮,૯૦,૫૯૬/- (અંકે રૂપિયા અઢાર લાખ નેવુ હજાર પાંચસો છન્નુ પુરા) ના બીલ ચુકવણા બાબતે કર્મચારી દ્વારા ફાયર મેઈન્ટેનન્સ કામની પેઢી દ્વારા બીલ મુકવા બાબતે ગેરરીતી જણાય છે. તે બાબતની જાણકારી ટેન્ડરને કમિટિમાં રીવેરીફાઈ કરી પુનવિશેષ ચકાસણી કરવા જણાવેલ તે પત્રનો વિગતો ચકાસવી ફાયર સેફટી મેઈન્ટેનન્સના કોન્ટ્રાકટમાં ટેન્ડર રીન્યુ કરવાથી લઈ પ્રતિ વર્ષ ફકત એકવાર ચુકવણીના બદલે દર ત્રણ માસ અને અલગ અલગ પ્રતિ બીલ્ડીંગ બીલો બનાવી રૂા. ૩,૫૪,૩૨,૬૩૮/- (રૂપિયા ત્રણ કરોડ ચોપન લાખ બત્રીસ હજાર છસ્સો આડત્રીસ પુરા) જેવી કરોડો રૂપિયાની રકમ આ કામની એજન્સી સાથે મળી ગુન્હાહીત કૃત્ય આચનાર તત્કાલીન સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટ, ટેકનીકલ સુપરવાઈઝરશ્રી, વહીવટી અધિકારી અને આર.એમ.ઓ.શ્રી સામે ફરજ મોકુફી સહીતની કાર્યવાહી કરી ગેરકાયદેસર ચુકવાયેલ નાણા પરત મેળવવાની કાર્યવાહી કરવી. આ કામની એજન્સી વિશ્વાસ ગ્રુપ ઓફ કંપની સામે પણ નિયમ અનુસાર કાર્યવાહી કરવા માંગણી છે. સિવિલ હોસ્પિટલ ફાયર સેફ્ટી ભ્રષ્ટાચાર ના મુદ્દાઓ ની રજૂઆત મા શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી અને એડવોકેટ અશોકસિંહ વાઘેલા ની આગેવાનીમા એડવોકેટ જસવંતસિંહ ભટ્ટી કલ્પેશ કુડલીયા તુષાર નંદાણીયા સંજયભાઈ અજુડીયા કનકસિંહ જાડેજા અજીત વાંક મયુરસિંહ પરમાર મથુરભાઈ માલવી કેતન ત્રાડા ગૌરવ પુજારા નંદાભાઈ ડાંગર ગેલાભાઈ મુછડીયા જશાભાઈ ફુગશિયા હરેશ પરમાર દીલપભાઈ આશવાણી દીપુબેન રવૈયા સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો જોડાયા હતાં.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જુલાઈમાં જાપાનના પ્રવાસે જશે

રાજકોટ, તા. ૪: રાજકોટ ગુજરાતમાં આગામી વર્ષે યોજાનારા વાઈબ્રન્ટ ગુજરાતને ખાસ બનાવવાની તૈયારી છે અને તે માટે હવે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ વર્ષના મધ્ય ભાગમાં જાપાનના પ્રવાસે જશે.

શ્રી પટેલનો મુખ્યમંત્રી બન્યા બાદના બીજો વિદેશ પ્રવાસ હશે. તેમાં જુલાઈ માસમાં પ્રતિનિધિમંડળ સાથે જાપાનના પ્રવાસે જશે. અગાઉ તેઓ નવે ૨૦૨૩માં જાપાનના પ્રવાસે ગયા હતા.

જાપાન એ ગુજરાતમાં રોકાણમાં મહત્વનો દેશ બની રહ્યા છે તેની મુલાકાતનો આ પ્રવાસ પણ વાઈબ્રન્ટ-૨૦૨૬ માટે ખૂબ જ ઉપયોગી સાબીત થશે. દેશનો પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેકટ પણ ગુજરાતમાં આકાર લઈ રહ્યો છે. શ્રી પટેલ સાથે ગુજરાતના ઉદ્યોગપતિઓનું એક પ્રતિનિધિમંડળ પણ જશે તેવા સંકેત છે.



# ચાલુ માસનાં અનાજ, ખાંડ, દાળનો એક પણ દાણો હજુ વેપારીઓને મળ્યો નથી!

## તા.૩ માર્ચ થવા છતા પરમીટનાં નાણા વેપારીઓ પાસેથી હજુ સ્વીકારાયા નથી
## મહિનાની શરૂઆતમાં જણસી લેવા જતા હજારો લાભાર્થીઓને દુકાનોનાં ધકકા

રાજકોટ તા. ૪ઃ માર્ચ મહિનાની શરૂઆતની આજરોજ તા.૩ થઈ જવા સુધી રેશનીંગના વેપારીઓને અનાજ-ખાંડ દાળનો એક પણ જથ્થો ફાળવાયો નથી. આથી મહિનાની શરૂઆતમાં દુકાનો ઉપર રેશનનો જથ્થો લેવા આવતા ગરીબ લાભાર્થીઓને ધરમધકકા ખાવાનો વારો આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જથ્થાની દર મહિને અનિયમીત ફાળવણીની ફરીયાદો બહુ જૂની છે અને ઉચ્ચ કક્ષાએ પણ આ પ્રશ્ને અનેક રજૂઆતો છતા રેશનીંગનાં દુકાનદારોનો આ વિકાસ પ્રશ્ન હલ થયો ન હોય વેપારીઓની સાથેસાથ લાભાર્થીઓમાં પણ દેકારો છે.

ચાલુ માસમાં પણ આજ સુધી વેપારીઓના પૈસા સ્વીકારાયા નથી કે નથી ફાળવણી દર્શાવાઈ. દર પહેલી તારીખે રાજય સરકાર વિવિધ મળવાપાત્ર



જણસીઓની જાહેરાતો પ્રસિધ્ધ કરતી હોય છે. પરંતુ એ મુજબનો જથ્થો રાજય સરકારના ગોડાઉન, સસ્તા અનાજની દુકાનો કે આ વિવિધ એજન્સીઓના સપ્લાયરો પાસે પણ હોતો નથી પરીણામે આવી જાહેરાતો વાંચીને રાશનકાર્ડ ધારકો સસ્તા અનાજની દુકાન ખાતે ધસારો કરીને વિવિધ જણસીઓની માંગણી કરતા હોય છે. સસ્થા અનાજની દુકાનઅ પોતે અપુરતા જથ્થાની ફાળવણી થયેલી હોવાના કારણે સસ્તા અનાજના દુકાનદારો આ કાર્ડ ધારકોની માંગણી સંતોષી શકતા નથી અને કેટલાક ગ્રાહકોની તીવ્ર માંગણીઓના કારણે સસ્તા અનાજના દુકાનદાર અને કાર્ડ ધારકો વચ્ચે ઘર્ષણ પેદા થાય છે. પરીણામે સસ્તા અનાજના દુકાનદારની ખુબજ ખરાબ વલે થાય છે.

ઉપરોકત સમસ્યાઓની સાથે સાથે વધારે એક ગંભીર સમસ્યા એ પણ છે કે પુરવઠા નિગમ દ્વારા સસ્તા અનાજ દુકાનો ખાતે કયારેય પણ સમયસર જથ્થો પહોંચતો કરવામાં આવતો નથી.

મહીનાના પંદર પંદર, વીસ વીસ કે કયારેક તો ૨૫, ૨૬ કે ૨૭માં દિવસે અમુખ દુકાને જથ્થો પહોંચતો કરવામાં આવે છે. આ સમયગાળા દરમ્યાન રેશનકાર્ડ ધારકો અને સસ્તા અનાજના દુકાનદારો વચ્ચે ઘર્ષણ થતું રહે છે.

# જન્મ - મરણના દાખલાની ફીમાં ૧૦ ગણો વધારો : ગેઝેટ પ્રસિધ્ધ




## રૂ. પાંચના બદલે ૫૦ ચૂકવવા પડશે : રાજય સરકારના નિર્ણયથી પ્રજા પર નવો બોજ આવશે : લેટ ફી પણ ઉંચી : અમલવારી માટે સરકારના પરિપત્રની રાહ જોતી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ

રાજકોટ, તા. ૪ઃ ગુજરાત સરકારે જન્મ-મરણ નોંધણી પ્રમાણપત્રની ફીમાં મોટો ફેરફાર કર્યો છે. તા.૨૭ જાન્યુઆરીએ પ્રસિધ્ધ કરવામાં આવેલા ગેઝેટમાં હવેથી જન્મના અને મરણના દાખલાની ફી રૂા. ૫૦ કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવતા રાજકોટ મહાપાલિકા સહિત તમામ કોર્પોરેશન, પાલિકા, પંચાયત વિસ્તારમાં તુરંતમાં નવા ચાર્જનો અમલ શરૂ થવા નિર્દેશ છે.

જન્મ-મરણની નોંધણીના કાયદા ભારત સરકારની ગાઇડલાઇન હેઠળ દરેક રાજયમાં લાગુ થયેલા હોય છે. થોડા સમય પહેલા ગુજરાત સરકાર દ્વારા પ્રવર્તમાન ફીના ધોરણો અંગે કેન્દ્ર સરકારને રીપોર્ટ આપવામાં આવ્યો હતો. તે બાદ તાજેતરમાં કેન્દ્રની સૂચનાથી રાજયમાં દાખલા ફીમાં વધારાનો નિર્ણય લેવાયો છે.

જોકે હજુ રાજકોટમાં તેની અમલવારી શરૂ થઇ નથી અને રૂા. પાંચનો ચાર્જ અમલમાં છે. નવા હુકમ મુજબ આ દાખલાઓનો ચાર્જ હવે રૂા. પાંચના બદલે ૫૦ થઇ શકે છે. દસ ગણા વધારા માટે કેન્દ્ર સરકારે પત્ર મોકલાવી દીધો છે. જે મોટો દર વધારો કયારે લાગુ થશે તેની પ્રતિક્ષા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ કરી રહી છે.

હજુ સત્તાવાર રીતે નહીં આવેલા ગેઝેટની મળતી વિગત મુજબ તા.૨૭-૨-૨૫ના રોજ ગેઝેટ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. તેમાં ચાર્જ રૂા.ના બદલે રૂપીસમાં દર્શાવવામાં જણાવવામાં આવ્યું છે. હાલના ચાર્જમાં ૧૦ ગણો વધારો કરવાનો છે. નવો ચાર્જ રૂા.૫૦.૦૦ દર્શાવવાનો રહેશે. જોકે જુના ચાર્જ ૨૧ વર્ષ જુના છે. આથી તેમાં વધારો થશે તે નકકી હોવાનું જાણકારોએ કહ્યું હતું.

રાજય સરકારે રાજયમાં જન્મ અને મરણની નોંધણીની ફીમમાં મોટો વધારો કર્યો છે. આ નિયમ ૨૭ ફેબ્રુઆરીથી અમલમાં આવી ગયો છે. જેના કારણે નાગરિકોને આ સેવાઓ માટે હવે વધુ ખર્ચ કરવો પડશે. સરકારની આ નિર્ણયથી સામાન્ય લોકોને સીધી અસર થશે. સરકાર દ્વારા નકકી કરવામાં આવેલા ધારાધોરણ અનુસાર મૃત્યુ પ્રમાણપત્ર મેળવવા માટેની ફી અગાઉ પાંચ રૂપિયા હતી, જે વધારીને હવે ૫૦ રૂપિયા થશે. આવી જ રીતે જન્મનો દાખલો લેવા માટે પણ ફીમાં વધારો કર્યો છે. જે પહેલા ૧૦ રૂપિયા હતી, તેના હવે ૫૦ રૂપિયા ચુકવવા પડશે. આ ફી તાત્કાલિક અસરથી લાગૂ કરવામાં આવી છે. રાજકોટ કોર્પો. હજુ હુકમની રાહ જોઇ રહ્યું છે.

આ ફી વધારાની સાથે સાથે સરકારે મોડી નોંધણીના નિયમોમાં પણ ફેરફાર કર્યા છે. જો કોઇ વ્યક્તિ જન્મ કે મરણની ઘટનાની નોંધણી ૩૦ દિવસની મર્યાદા પછી કરાવે છે તો હવે વધુ લેટ ફી ભરવી પડશે. અગાઉ આ લેટ ફી માત્ર ૧૦ રૂપિયા હતી, જેને વધારીને હવે ૫૦ રૂપિયા કરી દેવામાં આવી છે.

# ડ્રોનથી દવા છંટકાવ વચ્ચે ડેંગ્યુ-ચિકનગુનીયા સહિત સપ્તાહમાં રોગચાળાના વધુ ૧૫૨૮ કેસ

## ટાઈફોઈડ અને કમળાના કેસ પણ હવે દેખાવા લાગ્યા : ડેંગ્યુ અને ચિકનગુનીયાના એક–એક દર્દી : નદી કાંઠાથી માંડી રહેણાંક વિસ્તારોમાં ફોગીંગ : સપ્તાહમાં આંકડા થોડા ઘટયાનો દાવો



રાજકોટ, તા. ૪: રાજકોટમાં મચ્છરનો આતંક છેલ્લા મહિનામાં લોકોએ ખતરનાક હદે અનુભવ્યો છે ત્યારે મહાપાલિકાએ ડ્રોન અને ફાયર ફાઈટરની મદદથી દવા છંટકાવ ચાલુ રાખ્યો છે, તે નદીમાંથી ગાંડી વેલ કાઢવાનું કામ પણ ચાલુ હોય, છેલ્લા સપ્તાહમાં આ કામથી મચ્છરોનો ઉપદ્રવ થોડો ઘટયાનું આરોગ્ય તંત્ર કહે છે. તે સામે આ અઠવાડિયે ડેંગ્યુ અને ચિકનગુનીયાના એક-એક કેસ નોંધાયા છે. છેલ્લા અઠવાડિયામાં શરદી-ઉધરસ, તાવ સહિતના સિઝનલ રોગચાળાના ૧૫૨૮ કેસ ચોપડે ચડયા છે. જેમાં ટાઈફોઈડ અને કમળાના ત્રણ કેસ પણ સામેલ છે.

આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલા સાપ્તાહિક રીપોર્ટ મુજબ તા. ૨૪-૨ થી તા. ૩-૩ના દિવસોમાં મેલેરીયાનો કોઇ કેસ નોંધાયો નથી.

પરંતુ ડેંગ્યુ અને ચીકનગુનીયાના એક એક દર્દી નોંધાયા છે. સાથે જ ટાઇફોઇડનો એક અને કમળા તાવના બે દર્દી નોંધાયા છે. આ સિવાય શરદી-ઉધરસના ૭૦૭, સામાન્ય તાવના ૬૩૯ અને ઝાડા-ઉલ્ટીના ૧૭૭ મળી કુલ ૧૫૨૮ દર્દી નોંધાયા છે. જે છેલ્લા બે અઠવાડિયાના રીપોર્ટ કરતા થોડા ઓછા છે. છતાં હાલ ફરી ડબલ ઋતુનો અનુભવ લોકો કરી રહ્યા છે.

ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી, વધુ જનસમુદાય હોય તેવા સ્થળો એ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. મહાનગરપાલિકા દ્વારા વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૨૪-૨ થી તા.૩-૩ દરમ્યાન ૧૭,૮૧૩ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૫૯૮ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. સપ્તાહથી ડ્રોન અને ફાયર ફાઈટર વડે પણ નદી કાંઠામાં દવા છંટકાવ ચાલે છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં સઘન ચકાસણી પણ કરીને મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી ચાલુ છે. જેમાં રહેણાક સિવાય અન્ય ૧૪૫ પ્રીમાઇસીસમાં મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેના અંતે મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૧૩૮ અને કોર્મશીયલ ૫૩ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

---

# ફેબ્રુઆરીમાં રાજયની જી.એસ.ટી.આવકમાં ૧૫-ટકાનો ખાસ્સો વધારો નોંધાયો

## ■ જી.એસ.ટી પેટે રૂ.૬૩૮૮, વેટ પેટે રૂ.૨૮૦૭ કરોડની આવક પ્રાપ્ત થઈ

રાજકોટ,તા.૪: ચાલુ વર્ષે ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન રાજ્ય કર વિભાગને જીએસટી હેઠળ રૂ. ૬૭,૦૭૯ કરોડની આવક થયેલ છે જે ગત વર્ષના સમાન સમયગાળાની રૂ.૫૮,૪૪૭કરોડની આવક સામે ૧૫ ટકા વધારો દર્શાવે છે.ફેબ્રુઆરી-૨૦૨૫ માં રાજ્ય કર વિભાગને જીએસટી હેઠળ રૂ. ૬,૩૮૮ કરોડની આવક થયેલ છે જે ફેબ્રુઆરી-૨૦૨૪ માં થયેલ આવક કરતાં ૭% વધુ છે.




રાજયને ફેબ્રુઆરી-૨૦૨૫ માં વેટ હેઠળ રૂ. ૨,૮૦૭ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ. ૧૨૧૭ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ ૨૧ કરોડ ની આવક થયેલ છેઆમ, રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૧૦,૪૩૩ કરોડની આવક થયેલ છે

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ૧૧ માસમાં રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૧,૦૯,૧૯૨ કરોડની આવક થયેલ હતી.જાન્યુઆરી-૨૦૨૫માં રાજ્ય કર વિભાગને જીએસટી હેઠળ રૂ.૬,૮૭૩ કરોડની આવક થયેલ છે જે જાન્યુઆરી-૨૦૨૪ માં થયેલ આવક કરતાં ૧૭% વધુ છે, એત્રે ઊલ્લેખનીય છે કે, જાન્યુઆરી-૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૧૨% રહેલ છે.

રાજ્યને જાન્યુઆરી-૨૦૨૫ માં વેટ હેઠળ રૂ.૨,૮૫૬ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂ.૯૯૮ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂ.૨૧ કરોડ ની આવક થયેલ છે હતીઆમ, રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૧૦,૭૪૮ કરોડની આવક થયેલ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ દસ માસમાં રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂ.૯૮,૬૭૪ કરોડની આવક થયેલ હતી.

# ટાઉન પ્લાનર સહિતની જગ્યાની ભરતી પરીક્ષામાં ૨૬૦ ઉમેદવાર ગેરહાજર રહ્યા

■ નિમણુંક થાય એટલે ટીપી વિભાગની કામગીરી વધુ વિકેન્દ્રીત બની શકશે



રાજકોટ, તા. ૪: મહાનગરપાલકિા દ્વારા જુદા-જુદા કેડરની ખાલી જગ્યાઓ ભરવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં (૧) મેનેજર(ઈન હાઉસ) (૨) ટાઉન પ્લાનર(૩) વોંર્ડ ઓફિસર (ઈન હાઉસ) (૪) ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ(ઈન હાઉસ)ની જગ્યાઓ માટે અરજી કરેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા ગઈકાલે અમદાવાદ શહેરનાં પરીક્ષા કેન્દ્ર ખાતે લેવામાં આવતા કુલ ૬૬૯ ઉમેદવારો નોંધાયેલ હતા જે પૈકી કુલ ૪૦૯ ઉમેદવારો દ્વારા લેખિત પરીક્ષા આપવામાં આવેલ હતી અને ૨૬૦ ઉમેદવારો લેખિત પરીક્ષામાં ગેરહાજર નોંધાયા હતા.

આ પરીક્ષાના ઉમેદવારોને પરીક્ષા સમયના એક કલાક પહેલા પરીક્ષા ખંડમાં સંપુર્ણ વિડીયોગ્રાફી કરીને એન્ટ્રી આપવામાં આવી હતી. તેમજ પરીક્ષા ખંડમાં મોબાઈલ, ઈલેક્ટ્રોનીક્સ ગેઝેટ, કેલ્ક્યુલેટર અને સ્માર્ટ વોચ, સાથે લઈ જવા પર મનાઈ કરવામાં આવેલ હતી.

આ લેખિત પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયેલ છે. સદરહું પરીક્ષાઓની પ્રોવિઝનલ આન્સર કી મહાનગરપાલિકાની વેબસાઈટ પર આગામી સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જેની સબંધિત ઉમેદવારોએ નોંધ લેવા જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે ટાઉન પ્લાનરની ત્રણ જગ્યા માટે ૧૮૩, મેનેજરની પાંચ જગ્યા માટે ૧૮૮, વોંડ ઓફિસરની પાંચ જગ્યા માટે ૧૪૫ અને ઓ.એસ.ની ૧૧ જગ્યા માટે ૧૫૩ ઉમેદવારો નોંધાયા હતા.

જેમાંથી ૪૦૯ જ ઉપસ્થિત થયા હતા. જોકે ટાઉન પ્લાનર સહિતની જગ્યા ભરાય એટલે ઘણી વહીવટી સરળતા થશે. ખાસ કરીને ટીપી વિભાગમાં ઝોનવાઈઝ ટાઉન પ્લાનર કાર્યરત થશે અને કામગીરીમાં ઝડપ આવશે.

# રાજ્યમાં વિદ્યા-શિક્ષણ સહાયકોની ભરતીમાં જગ્યામાં વધારો કરવા માંગણી

## ઉમેદવારો દ્વારા કલેકટર તંત્રને અપાયું આવેદનપત્ર



રાજકોટ તા.૪: રાજયની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં વિદ્યા-શિક્ષણ સહાયકોની ભરતીમાં જગ્યામાં વધારો કરવાની માંગણી ઉઠાવી ટેટ-ટાટ પાસ ઉમેદવારો દ્વારા આજે કલેકટર તંત્રને આવેદનપત્ર સુપ્રત કરી રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે ઉમેદવારોએ જણાવ્યું છે કે ટેટ-૧ની કુલ ૯૩૭૧ અને ટેટ-૨ની કુલ ૫૩૪૪૭ તેમજ અન્ય માધ્યમમાં ૧૩૪૨ અરજીઓ મળી કુલ ૬૪૧૬૦ અરજીઓ આ ભરતી માટે આવેલ છે તેની સામે માત્ર ૧૩,૮૫૨ વિદ્યા સહાયકની ભરતી કરવામાં આવે તો મોટાભાગના ઉમેદવારોનું શિક્ષક બનવાનું સ્વપન રોળાઈ જાય તેમ છે. આથી ધો.૧થી ૮ની વિદ્યા સહાયકોની ભરતીમાં જગ્યામાં વધારો કરવા માંગણી કરાયેલ છે. વધુમાં જણાવાયું છે કે ધોરણ ૧થી ૫માં ૨૧,૩૫૪ જગ્યાઓનું મહેકમ ખાલી છે. જેની સામે માત્ર ૫૦૦૦ની ભરતી થાય છે.

તો ધોરણ ૧થી ૫ના ઉમેદવારોને ન્યાય મળે તે માટે ચાલુ વિદ્યા સહાયક ભરતીમાં જગ્યા વધારો કરવામાં આવે તે આવશ્યક છે. આવી જ રીતે શિક્ષણ સહાયકોની ભરતીમાં પણ વધારો કરવા માંગણી ઉઠાવવામાં આવી છે.

# સેવા અને સુરક્ષાના ગૌરવશાળી ૨૫ વર્ષ રાજકોટ ખાતેપૂર્ણ કરતી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ

■ ૪થી ૧૦ માર્ચ સુધી મીલેટ્સ મેળા, વૃક્ષારોપણ, મેડીકલ કેમ્પ, સાયકલ રેલી સહિતના કાર્યક્રમો યોજાશે

રાજકોટઃ દેશના સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીઅલ સિક્યુરીટી ફોર્સના જવાનો દેશના મહત્વપૂર્ણ ઔદ્યોગિક સાહસો, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પરમાણું અને અંતરીક્ષ અનુસંધાન કેન્દ્રો, સરકારી ભવનો તથા અન્ય સંવેદનશીલ સંસ્થાઓની સુરક્ષા અર્થે ૨૪*૭ ખડેપગે રહે છે. જે સંદર્ભે રાજકોટના એરપોર્ટની સુરક્ષા માટે તૈનાત (સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ) યુનિટની સ્થાપના વર્ષ ૨૦૦૦માં થતાં ૭ માર્ચે ૨૫ વર્ષ પૂર્ણ થશે.

આ ઐતિહાસિક સિધ્ધિને યાદ કરવા સી.આઈ.એસ.એફ.ના ડેપ્યુટી કમાન્ડન્ટશ્રી અમનદીપ




શિરસ્વાએ જણાવ્યું હતું કે, તા.૦૪ થી ૧૦ માર્ચ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ રજત જયંતિ ઉજવણી ફક્ત એક ઉત્સવ નહીં, પરંતુ સુરક્ષા, સમાજ સેવા અને સમુદાયની ભાગીદારીનું ઉદાહરણ છે. જે અન્વયે તા.૦૪ માર્ચે રાજકોટમાં સી.આઈ એસ એફ યુનિટ લાઈન એ.એ.આઈ.કોલોની ખાતે સવારે ૮ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી મીલેટ્સ મેળો યોજાશે. તા.૦૫ના રોજ હિરાસર બામણબોર ગામ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે. તા.૦૭/૦૩/૨૦૨૫ના રોજ હીરાસર એરપોર્ટ ખાતે સવારે ૧૦૦૦ થી ૧૧૩૦ સુધી ક્વિક રીએકશન ટીમના કમાન્ડો દ્વારા વિવિધ કરતબ ઉપરાંત, ડોગ શો પણ યોજાશે. તા.૦૮/૦૩/૨૦૨૫ના રોજ રોટરી કલબના સહયોગથી સી.આઈ.એસ.એફ. યુનિટ લાઈન કોલોની ખાતે સવારે ૮ વાગ્યાથી મેડીકલ કેમ્પનું આયોજન કરાશે. તા.૦૯/૦૩/૨૦૨૫ના રોજ ભારતના ગુજરાત અને પશ્ચિમ બંગાળ એમ બંને તટીય રાજ્યથી કન્યાકુમારી સુધી સાયકલ રેલીનું આયોજન થશે.

### ઉનાળો – ચૂંટણી વર્ષમાં પ્રજાને કોઇ મુશ્કેલી નહીં પડે મહાપાલિકા તંત્રનો દાવો

# એપ્રિલ - મેમાં નર્મદાનું એક ટીપુ પાણી પણ નહીં મળે સરકારે ફરી આજીમાં સૌનીનું પાણી ઠલવવાનું શરૂ કર્યુ

રાજકોટ, તા. ૪ઃ આગામી એપ્રિલ અને મે મહિનામાં રાજય સરકારના સિંચાઇ વિભાગ દ્વારા નર્મદા કેનાલનું મોટુ મેન્ટેનન્સ વર્ક કરવાનું હોય, રાજકોટ મહાપાલિકાને નર્મદાના નીર ઉનાળામાં જ બંધ થવાના છે.

આથી આ સિઝનમાં અને ખાસ કરીને ચૂંટણી વર્ષમાં રાજકોટને પાણીની કોઇ મુશ્કેલી ન પડે તે માટે સંકલન કરીને સરકારે ફરી શનિવારથી આજી-૧ ડેમમાં નર્મદા નીર ઠલવવાનું શરૂ કર્યુ છે. ટુંક સમયમાં ન્યારી-૧ ડેમમાં પણ તુરંતમાં પાણી શરૂ થાય એવા નિર્દેશ છે.

હાલ કેનાલ અને પાઇપલાઇન મારફત રાજકોટને પાણી ચાલુ છે. આથી આ મહિનો હજુ બને ત્યાં સુધી નર્મદાના નીરની જ સપ્લાય કરવા અને આજી-ન્યારીનું પાણી બફર સ્ટોક તરીકે રાખવા પણ સરકારે સૂચન કર્યુ છે.

એપ્રિલ અને મે એમ બે મહિના કેનાલના રીપેરીંગનું મોટુ કામ નીકળ્યું છે.



આ અંગેની જાણ સરકારે બે મહિના અગાઉ જ રાજકોટ મહાપાલિકાને કરી નર્મદાના નીર ડેમોમાં ઠલવવાનું શરૂ કર્યુ હતું. ગત મહિને ડેમોમાં સરકારે પુરતુ પાણી ઠલવ્યું હતું. હવે એક મહિનો જ નર્મદા નીર મળવાનું હોય, સરકારે આજી ડેમમાં પાણી ઠલવવાનું શરૂ કર્યુ છે. હાલ આજી ડેમમાં ૫૦૦ અને ન્યારી ડેમમાં ૫૫૦ એમસીએફટી નીર ઠાલવવા ગણતરી છે.

આજની સ્થિતિએ આજી ડેમમાં ૭૮૦ અને ન્યારીમાં ૧૦૫૦ એમસીએફટી જથ્થો રહેલો છે. કોર્પોરેશને ન્યારી માટે ૭૦૦ અને આજી માટે ૧૮૦૦ એમસીએફટી જથ્થો માંગ્યો છે.

એપ્રિલ-મેમાં નર્મદા નીર બંધ થવાના હોય તે પૂર્વે બંને ડેમ ભરી દેવાશે. આથી હાલ માર્ચમાં માત્ર નર્મદાના નીરનો ઉપયોગ કરવા સલાહ આપવામાં આવી છે. તેનાથી એપ્રિલમાં બંને જળાશય ભરેલા હોય, વિતરણમાં મુશ્કેલી ન પડે તેવી ધારણા છે.

જોકે રોજ ૧૩૫ એમએલડી પાણી કેનાલ સિવાય નર્મદા પાઇપલાઇનમાંથી મળે છે. આ પાઇપલાઇનનું પાણી પણ કેનાલ સાથે બંધ થાય તો મુશ્કેલીનો થોડો ભય તંત્રને છે. આથી થોડા દિવસો બાદ ભાજપના પદાધિકારીઓ અને કમિશ્નર સહિતના અધિકારીઓ ગાંધીનગર સરકારને મળીને સ્થિતિ રજુ કરનાર છે.

વોટર વર્કસ સમિતિના ચેરમેન અશ્વિન પાંભરે કહ્યું હતું કે, પાઇપલાઇન ધોળીધજા ડેમ સુધી રહેલી છે. કેનાલનું પાણી લાઇનમાં ફેરવવામાં આવે તો આ પાણીની ઘટ પડશે નહીં. એકસપ્રેસ લાઇન સહિતના સ્ત્રોતનો ઉપયોગ પાણીના ટ્રાન્સફર માટે કરવાની કસરત ચાલી રહી છે.

એકંદરે રાજકોટને ઉનાળામાં પાણીની કોઇ મુશ્કેલી ન પડે તેવું તમામ આયોજન મહાપાલિકા કરી રહી છે. હાલ રાજકોટમાં ૩૫૦ એમએલડીના ઉપાડ સાથે ૩૯૫ એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# ‘વૈદિક હોળી’ દ્વારા પર્યાવરણ રક્ષણ અને આરોગ્ય સંવર્ધન

### ■ વૈદિક હોળી માટે ગૌ કાષ્ઠ (ગોબર લાકડું) ના ઉપયોગ માટે ડો. કથીરિયા ની અપીલ

રાજકોટ, તા. ૪ઃ હોળીનો તહેવાર શિયાળો અને ઉનાળાની ઋતુની વચ્ચે આવે છે. આ સમય દરમ્યાન વાયરસની સંખ્યા ખૂબ વધારે પ્રમાણમાં હોય છે, જેના કારણે રોગચાળો ફેલાવાની સંભાવના વધે છે. વૈદિક પદ્ધતિથી કરવામાં આવતી હોળી શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક રીતે લાભદાયી છે. ગાયના છાણા, ગાયનું ઘી, કપૂર, હવન સામગ્રી અને નવ ઔષધિઓનો ઉપયોગ કરવાથી વાતાવરણ શુદ્ધ બને છે અને હાનિકારક બેક્ટેરિયા-વાઇરસ નિયંત્રિત થાય છે.

ગ્લોબલ કોન્ફેડરેશન ઓફ કાઉ-બેઝ્ડ ઇન્ડસ્ટ્રીઝ () દ્વારા સમાજ અને ગૌશાળાઓને આ વર્ષે હોળીના પાવન પર્વ પર પર્યાવરણને અનુકૂળ અને પરંપરાગત વિકલ્પ તરીકે ગૌ કાષ્ઠ (ગોબર લાકડું) નો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવે છે. પરંપરાગત રીતે હોળિકા દહન માટે મોટી માત્રામાં લાકડું વપરાય છે, જે જંગલોની










કટોકટી અને પર્યાવરણ પ્રદૂષણનું કારણ બને છે. ગાયના છાણથી બનેલી ગૌ કાષ્ઠ વડે હોળી દહન કરવાથી આજની પેઢી ને પર્યાવરણ પ્રત્યે જવાબદારી અને વૈદિક સંસ્કૃતિની મહત્ત્વતા સમજાશે. આજના યુવા પેઢીને વનરક્ષણ અને પ્રદૂષણ ઘટાડવાના સંદેશ સાથે પર્યાવરણ માટે કામ કરવા માટે પ્રેરણા મળશે.

ઋઈઈઈના સ્થાપક ડો. કથીરિયા એ ગૌ કાષ્ઠ ના ઉપયોગથી થતા ફાયદાઓ વિષે ચર્ચા કરતાં જણાવ્યુ કે ગૌ કાષ્ઠના ઉપયોગ થી વનવિનાશ અટકાવી શકાય છે, હવા પ્રદૂષણ ઘટાડે છે જે લાકડાની તુલનામાં ઓછો ધૂમાડો ફેલાવે છે. ગોબરનો ઉપયોગ થતાં ગૌશાળાઓ માટે આવકનો સ્રોત બની રહેશે. GCCI નો ઉદ્દેશ્ય પર્યાવરણ સંરક્ષણ સાથે ગૌશાળાઓ અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવવાનો છે.

GCCI ગૌશાળાઓ અને સંસ્થાઓને અપીલ કરી છે કે તેઓ વધુમાં વધુ ગૌ કાષ્ઠ નું ઉત્પાદન કરે અને તેનો પ્રચાર પ્રસાર કરે. સાથે જ, નાગરિકો અને સમાજને અપીલ કરી છે કે તેઓ આ ગૌ કાષ્ઠ અપનાવી હોળી જેવા પવિત્ર તહેવારોને મનાવીએ.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# વિવિધ વિસ્તારોમાં રૂા. ૧.૮૧ કરોડના ખર્ચે ડામર રીકાર્પેટ કામનું ખાતમુર્હુત કરાયું

## ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વીનભાઈ મોલીયા ઉપસ્થિત રહયા

રાજકોટ, તા. ૪ઃ વિધાનસભા-૬૮રાજકોટ, વોર્ડ-૫ માં ધારાસભ્ય ઉદય કાનગડ ના વરદ હસ્તે કેયુર પાર્ક, રત્નદીપ સોસાયટી, મારૂતિ નગર, ગઢિયા નગર સહિત જુદા-જુદા વિસ્તારોમાં રૂા.૧.૮૧ કરોડના ખર્ચે ડામર રી-કાર્પેટ કામનું ખાતમુર્હુત કરવામાં આવેલ હતું. આ તકે મેયર નયનાબેન પેઢડીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, શાસક પક્ષના દંડક મનીષભાઈ રાડીયા, વોર્ડપ્રમુખ પરેશભાઈ લીંબાશીયા, મહામંત્રી દીનેશભાઈ ડાંગર, કોર્પોરેટર રસીલાબેન સાકરીયા, દિલીપભાઈ લુણાગરીયા, હાર્દિકભાઈ ગોહેલ સહિતના ઉપસ્થિત રહયા હતા.

આ તકે વિસ્તારની નાની બાળાઓ દ્વારા ધારાસભ્ય ઉદય કાનગડ સહિતના અગ્રણીઓનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ સ્થાનીક અગ્રણીઓ ધ્વારા ઉષ્માસભર સ્વાગત કરવામાં આવેલ હતું. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કેદેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની તેમજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજયની ભાજપ સરકાર ધ્વારા 'જયા માનવી ત્યા સુવિધા' ના મંત્રને સાકાર કરતા અનેક વિકાસ કાર્યો હાથ ધરાયા છે, દેશ અને



રાજયનો વિકાસ નવી ઉંચાઈઓ સર કરી રહયો છે અને છેવાડાના માનવીનો વિકાસ થાય તે દિશામાં ભાજપ સરકાર કાર્ય કરી રહી છે ત્યારે ભાજપ શાસિત રાજકોટ

મહાનગરપાલિકાના પદાધિકારીઓ શહેરમાં માળખાકીય અને આંતરમાળખાકીય સુવિધાઓ શહેરીજનોને સહજ રીતે પ્રાપ્ત થાય, શહેરીજનોની સુખ, સગવડતા અને સુખાકારીમાં વધારો થાય અને શહેરમાં વિવિધ વિકાસ કાર્યોને વેગવંતા બને તે માટે સતત કાર્યરત છે. ત્યારે વોંડ નં.૫માં વિવિધ વિસ્તારોમાં ડામર રી-કાર્પેટના કામથી લોકોની સુખ-સુવિધામાં વધારો થશે.

આ તકે શહેર ભાજપ બક્ષીપંચ મોરચા મહામંત્રી બાબુભાઈ માટીયા, કિસાન મોરચા મહામંત્રી ભરતભાઈ રાદડીયા, અનુ. જાતી મોરચાના મહામંત્રી સંજયભાઈ બગડાતેમજ અનિલસિહ પરમાર, મુકેશભાઈ કાકડીયા, પ્રફુલભાઈ માંડલીક, જયભાઈ કુબાવત, જીલાભાઈ સુસરા, સંજય પીપળીયા, નિરવ મોલીયા, બીપીનભાઈ ગોહેલ, રાજુભાઈ વેકરીયા, પ્રવીણભાઈ આંબલીયા, કાંતીલાલ બગડા, ક્રિપાલસિહ જાડેજા, રાજેશભાઈ ચાવડા, સતીષ સતાપરા, અમુભાઈ મોલીયા, હાર્દિક વોરા, રાજુભાઈ મેવાડા, ભુપતભાઈ મેવાડા, મનસુખભાઈ પીપળીયા, અશ્વિનભાઈ નંદાણી, લાભુભાઈ ડાંગર, શૈલેષભાઈ રાબડીયા, મનુભાઈ વિઠલાપરા, અશોકભાઈ પટેલ, રમેશભાઈ અકબરી, કમલેશભાઈ અકબરી, ભરતભાઈ ગઢીયા, ભાવેશભાઈ અકબરી, પ્રકાશભાઈ ડાંગર, રાજુભાઈ વેકરીયા, સંજયભાઈ પટોળીયા, મનસુખભાઈ રામાણી, વિમલભાઈ મુંગરા, જગદીશભાઈ ઉઘાડ, ખોડાભાઈ પીપળીયા, વિનુભાઈ પેઢ ડીયા, ધીરૂભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, મનિષ રાબડીયા, કુલદીપ ડાંગર, ભાવેશભાઈ ટોપીયા, અંકિત પીપળીયા, તેમજ સ્થાનીક અગ્રણીઓ, તેમજ સ્થાનીક ભાઈઓ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જીમ્મી ટાવરમાં પાંચ ઓફિસ સીલ

રાજકોટ, તા.૪ઃ મહાપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા આજે જુદા જુદા વિસ્તારમાં વધુ આઠ મિલ્કત સીલ કરવામાં આવી છે. તો ૩ર.૮૭ લાખની રીકવરી થતા ચાલુ નાણાકીય વર્ષનો ટેકસની આવકનો આંકડો ૩૭૭.૦૧ કરોડે પહોંચ્યો છે.

આજે વોંડ નં.૩ના રેલનગરમાં એક નળ કપાતા ૧.૩૫ લાખનો વેરો જમા થયો હતો તો વોંડ નં.૫માં પેડક રોડ પર રતનદીપ સોસાયટીમાં એક નળ કનેકશન કાપી નાખવામાં આવ્યું હતું. વોંડ નં.૭માં



ગોંડલ રોડ પર આવેલા જીમ્મી ટાવરમાં જુદા જુદા માળ પર આવેલી વધુ પાંચ ઓફિસ બાકી વેરા માટે સીલ કરવામાં આવી છે.

વોંડ નં.૧૪ના ગાયત્રીનગરના અનિરૂધ્ધ કોમ્પ્લેક્ષમાં એક દુકાન અને ગુંદાવાડી-૪માં એક મિલ્કત સીલ કરાઇ હતી. વોંડ નં.૧૮ના ગોંડલ રોડ ઉપર પણ એક મિલ્કતને તાળા મારવામાં આવ્યા હતા. આજે કોર્પો.ને ટેકસની રીકવરી સાથે વેરાની આવક ૩૭૭ કરોડને પાર થઇ છે. તો હવે ૩૧ માર્ચ સુધી રજા સહિતના દિવસોમાં રીકવરી ચાલુ રહેશે તેમ ટેકસ વિભાગે જણાવ્યું છે. ડે.કમિશ્નર ચેતન નંદાણી અને આસી. કમિશ્નર સમીર ધડુકના માર્ગદર્શન હેઠળ આ રીકવરી ઝુંબેશ ચાલી રહી છે.

# સમૂહલગ્નના નામે ૨૮ દીકરીઓ સાથે છેતરપીંડી કરનાર ચંદ્રેશ છાત્રોલાએ પોલીસ પકડથી બચવા આગોતરા જામીન અરજી કરી

રાજકોટ, તા.૪ઃ સમૂહલગ્નના નામે ૨૮ દીકરીઓ સાથે છેતરપીંડી કરનાર રેલનગરના આરોપી ચંદ્રેશ જગદીશ છાત્રોલાએ પોલીસ પકડથી બચવા આગોતરા જામીન અરજી કરી છે. તા. ૨૨ના રોજ બનાવ બનેલો જે પછી છેલ્લા ૧૦ દિવસથી ચંદ્રેશ પોલીસના હાથે લાગ્યો નથી. હવે માહિતી મળી છે કે, તેણે ધરપકડથી બચવા આગોતરા જામીન માંગ્યા છે. રાજકોટ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી થતા અદાલતે પક્ષકરોને નોટિસ પાઠવી આગામી સુનાવણી માટે તા. ૬ માર્ચ નક્કી કરી છે.

પ્ર. નગર પોલીસે સમૂહલગ્નમાં નોંધણી કરવાનાર એક દીકરીના પિતા કાનજીભાઈ દેવશીભાઈ ટાટમીયા (ઉ.વ.૫૪, રહે. શાપર વેરાવળ)ને ફરિયાદી બનાવ્યા હતા. કાનજીભાઈએ હતું જણાવ્યું કે, તેઓની દિકરીના લગ્ન ઋષિવંશી સમાજ સેવા સંઘ રાજકોટ દ્વારા આયોજીત સર્વ જ્ઞાતિ સમુહ લગ્નોત્સવમાં કરવા હોવાથી ગઈ તા.૪/૧૨/૨૦૨૫ના રોજ પરિવારના સભ્યો અને હુ વેવાઈપક્ષના સભ્યો રેલનગર ખોડીયાર હોટેલ નજીક ચંદ્રેશ જગદીશભાઈ છાત્રોલાના ઘરે ગયા.

ત્યાં ચંદ્રેશએ જણાવેલ કે, તે તેમજ દિલીપ ગોહીલ, દિપક હિરાણી, હાર્દિક શીશાંગીયા, મનીષ વિઠલાપરા, દિલીપ વરસડા તેમજ અમારૂ મિત્ર મંડળ તારીખ-૨૨/૨ ના રોજ સમુહ લગ્નનુ આયોજન કરીશું. સમૂહ લગ્નમાં બન્ને પક્ષોએ પચાસ - પચાસ માણસો જ લાવવાના રહેશે. ૫૦ માણસોથી વધુ માણસો લાવવાના હોય તો એક માણસ



દિઠ ટોકન લેવાનુ રહેવાનુ રહેશે અને એક ટોકનની ફિ રૂ.૧૦૦ લેખે અલગથી ચુકવાની રહેશે.

લગ્નમાં આવનાર મહેમાન માટે ખાણીપીણીની સહીતની તમામ જરૂરી વ્યવસ્થા આયોજકોએ કરેલ છે. જુદા જુદા દાતાઓ પાસેથી મળેલ ફંડમાંથી કધ્યાઓને કરિયાવર પણ આપવામાં આવશે. ભવ્ય આયોજન કરીશુ અને લોક ડાયરો પણ કરીશુ.

તેવી મીઠી મીઠી વાતો કરેલ. કાનજીભાઈએ લગ્ન નોંધણી પેટે લેવાતી રકમ ૩૦,૦૦૦ ભરેલ. મહેમાન વધારે હોય તે ના અલગ ૧૮ ટોકન લીધેલ હોય અને જેના અલગથી રૂ.૧૮૦૦ ભરેલ હતા. તા. ૨૨ના રોજ સવારના સાત વાગ્યાની આસપાસ લગ્ન સ્થળ ખાતે પહોંચતા ત્યાં ફક્ત મંડપ નાખેલ હતા.

થોડીવારમાં અલગ અલગ કધ્યા તેમજ વરરાજા પક્ષના મહેમાનો આવ્યા. મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. જોકે સમૂહ લગ્ન સ્થળે ખાણીપીણીની વ્યવસ્થા નહોતી. આયોજકને ફોન કરતા ફોન બંધ આવતો હતો. ચંદ્રેશ છાત્રોલાના ઘરે જતા તેના ઘરે તાળુ મારેલ હતું. આયોજકો છેતરી જતા રહ્યાનો ખ્યાલ આવ્યો હતો.

આ ફરિયાદના આધારે પોલીસે તા. ૨૨ના રોજ જ આરોપી દીપક દેવજી હિરાણી, મનીષ નટવરલાલ વિઠ્ઠલાપરા, દિલીપ ઉર્ફે દિલ્પેશ પ્રવિણ ગોહિલ અને દિલીપ ગીરધર વરસડાની ધરપકડ કરી હતી. બીજા દિવસે હાર્દિક શીશાંગીયાની ધરપકડ થઈ હતી. હાલ આ આરોપીઓ જામીન પર છૂટેલા છે. જોકે આજે બનાવના ૧૦ દિવસ પછી પણ મુખ્ય આરોપી ગણાતો ચંદ્રેશ હજુ પોલીસના હાથે ઝડપાયો નથી.

આ દરમ્યાન ગત તા.૨૮/૨/૨૦૨૫ના રોજ ચંદ્રેશ જગદીશ છાત્રોલાએ રાજકોટ સેશન્સ કોર્ટમાં ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી કરી દીધી છે. કોર્ટમાં અરજી થતા પક્ષકારોને નોટિસ પાઠવવામાં આવી છે અને આગામી સુનાવણી તા.૬/૩/૨૦૨૫ના રોજ રાખવામાં આવી છે.

# રાજકોટમાં ફેબ્રુઆરીમાં મિલકત વેંચાણમાં ઘટાડો દસ્તાવેજ નોંધણીમાં સરકારને રૂ.૭૫.૫૭ કરોડની આવક

રાજકોટ,તા.૪ઃ મહામાસ એ મિલકતોની ખરીદી તેમજ માંગલીક પ્રસંગો માટે શુભ ગણાય છે.ગત મહામાસ (ફેબ્રુઆરી) દરમ્યાન રાજકોટ શહેર જીલ્લામાં ૧૨૧૯૧ મિલકતોનું વેંચાણ થતા તેના દસ્તાવેજોનુ રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરીમાં થતાં તે પેટે રાજ્ય સરકારને રૂ.૭૫૫, ૭૬૭.૪૫૪ ની આવક થવા પામી છે.

જેમાં સૌથી વધુ મિલકતોનું વેંચાણ શહેરનાં મોરબી રોડ વિસ્તારમાં થવા પામેલ છે. મિલકતોના ખરીદ વેચાણમાં મોરબી રોડે છેલ્લા લાંબા સમયથી એવરગ્રીન રહેવા પામેલ છે.ફેબ્રુઆરી ૨૦૨૫ માસ દરમ્યાન મોરબી રોડ વિસ્તારમાં ૧૪૧૯ મિલકતોનું વેંચાણ થતાં તેના દસ્તાવેજોનું રજીસ્ટ્રેશન સબ રજીસ્ટ્રાર કચેરીમાં થતાં તેની યુઝડ ડયુટી અને તે પેટે સરકારને રૂા.૭૫૯, ૦૭,૬૭૯ ની આવક થવા પામી છે.

જયારે રાજકોટ ૩ વિસ્તારમાં ૧૦૦૭ રૈયારોડ વિસ્તારમાં ૧૦૬૦, મૌવા વિસ્તારમાં ૬૫૦,ગોંડલ તાલુકામાં ૧૦૬૨, પડધરી વિસ્તારમાં ૧૯૯,



જામકંડોરણામાં ૯૯, ઉપલેટા વિસ્તારમાં ૪૨૨, રાજકોટના મવડી વિસ્તારમાં ૧૩૧૦, જસદણ વિસ્તારમાં ૪૫૦, લોધીકા વિસ્તારમાં ૬૯૯, રાજકોટ રૂરલમાં ૬૧૭, ધોરાજી વિસ્તારમાં ૩૪૨, કોટડાસાંગાણીમાં ૪૬૩, તેમજ રાજકોટના કોઠારીયામાં ૮૪૪, વિંછીયા વિસ્તારમાં ૪૬, રાજકોટ-૧ માં ૮૦૦ અને જેતપુરમાં ૬૬૨ મીલકતો મળી રાજકોટ શહેર જીલ્લામાં ૧૨૧૯૧ મિલકતોનું વેંચાણ થતાં સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી થતાં રાજ્ય સરકારને આ દસ્તાવેજોની ફી અને યુઝડયુટી પેટે સરકારને કુલ રૂ.૭૫૫,૭૬,૭૪૫૪ ની આવક થવા પામી છે.

અહી ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેર જીલ્લામાં જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન ૧૩૭૮૨ મીલકતોનું વેંચાણ થતાં તેના દસ્તાવેજની નોંધણી સબ રજીસ્ટ્રાર કચેરીમાં થવા પામી હતી. આ જાન્યુઆરી માસની સાપેક્ષમાં ફેબ્રુઆરી માસમાં દસ્તાવેજ નોંધણીમાં ૧૩૮૯ નો ઘટાડો નોંધાવા પામેલ છે.

ગત ફેબ્રુઆરી માસ દરમ્યાન મિલકતોનું વેંચાણમાં શહેરનાં મોરબી રોડ વિસ્તાર અગ્રસ્થાને રહ્યો છે.આ મોરબી રોડ વિસ્તારમાં સૌથી વધુ ૧૪૧૯ મિલકતોનું વેંચાણ થવા પામેલ છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt. 4/3/2025 TUESDAY


# ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે તુવેરની ખરીદીનો કરવામાં આવ્યો પ્રારંભ

ગોંડલ, તા. ૪ઃ જામવાડી સહકારી મંડળીના નેજા હેઠળ નાફેડ દ્વારા કરવામાં આવતી ટેકાના ભાવે તુવેરની ખરીદી કેન્દ્ર ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે શરૂ કરવામાં આવ્યું. ગોંડલ તાલુકાના ૫૦૦૦ જેટલા ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

પ્રથમ દિવસે ૧૦૦ ખેડૂતોને બોલાવવામાં આવ્યા હતા જેમાં ૨૦ ખેડૂતો માલ લઈ ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે આવી પોહચ્યા હતા. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા એ દેરડી (કુંભાજી) ગામથી તુવેર લઈને આવેલ પ્રથમ ખેડૂત અરવિંદભાઈ



નરોડીયાનું હારતોરા કરી મો મીઠું કરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

જામવાડી ખરીદ કેન્દ્રના પ્રમુખ વિનુભાઈ મોણપરા દ્વારા શ્રી ફળ વધેરી ટેકાના ભાવે તુવેરની ખરીદી શરૂ કરવામાં આવી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા, ડિરેક્ટર પ્રફુલભાઈ ટોળીયા, કચરભાઈ વૈષ્ણવ, જીતુભાઈ જીવાણી, જામવાડી સહકારી મંડળીના પ્રમુખ વિનુભાઈ મોણપરા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા. નાફેડ દ્વારા એક ખેડૂત દીઢ વધુમાં વધુ ૪૦૦૦ કિલોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. રૂપિયા ૧૫૧૦/- લેખે ટેકાના ભાવે તુવેરની ખરીદીનો થયો પ્રારંભ. જામવાડી સહકારી મંડળી દ્વારા ટેકાના ભાવે વેચવા આવેલ દરેક ખેડૂતો અને મજૂરોને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જસદણ નગરપાલિકાની બુધવારે યોજાનારી ચુંટણીમાં પ્રમુખ ઉપપ્રમુખ કાલે ગાંધીનગરમાં નક્કી થશે

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા. ૪ઃ જસદણ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી આગામી તા.૫ ને બુધવારે સાંજે ૪ કલાકે જુના માર્કેટયાર્ડના સભાખંડમાં ચુંટણી યોજાય રહી છે ત્યારે આ અંગે કાલે મંગળવારે ભાજપની સંસદીય બોર્ડની બેઠક ગાંધીનગરમાં મળવાની છે જેમાં જસદણ નગરપાલિકાનું કોને સુકાન સોંપવું તે નક્કી થશે હાલ જસદણ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ કોણ બનશે તે અંગે રાજકીય પંડિતોમાં અનેક ચર્ચાઓ થઈ રહી છે જસદણ નગરપાલિકાનો ઈતિહાસ જોઈએ તો ઈસ્વીસન ૧૯૯૫થી અપવાદ બાદ કરતાં મોટે ભાગે શાસન ભાજપનું રહ્યું છે આટલાં વર્ષો ભાજપનું શાસન જસદણ નગરપાલિકા પર રહ્યું અને આ વખતે પણ શાસનમાં પરિવર્તન થયું નથી ભુતકાળમાં હાથમાં તેનું મોઢામાં તેવી ઉક્તિ મુજબ ગેરરીતિની હદ વટાવી ગયા છે અત્યારે પણ વહીવટદારના શાસનમાં કરોડો રૂપિયા કામમાં રોકાયેલા લોકોના ગજવામાં બિલો વડે ગયાં છે ત્યારે આવનારા અઢી વર્ષ માટે પ્રમુખ અને ઉપપ્રમુખ પદે કોણ બિરાજમાન હશે? એ અંગે અનેક સવાલો ઉભા થઈ રહ્યાં છે હવે જસદણ નગરપાલિકાના પ્રમુખ તરીકે શાખ અને ધાકવાળા જેવાં નિષ્ઠાવાન લોકોની જરૂરિયાત છે ગત નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા અને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડ અને ચૂંટણી લડેલા ઉમેદવારોની શાખને કારણે ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે આ અંગે પ્રમુખ ઉપપ્રમુખની જયારે ગત વિકમાં ગોંડલ માર્કેટયાર્ડ ખાતે સેન્સ લેવામાં આવી જેમાં સાતેય વોર્ડના ભાજપના સ્ત્રી પુરુષ સભ્યોએ દાવેદારી રજુ કરી હતી સેવા કરવા માટે ભાજપના સભ્યોએ રીતસર લાઈન લગાડી દીધી હતી એમ વિશ્વસનીય સૂત્રોમાંથી જાણવા મળે છે ત્યારે ભાજપના મોવડીઓ કોના પર કળશ ઢોળશે? તે જનતા માટે પણ રસપ્રદ બની રહેશે આગામી પ્રમુખ અને ઉપપ્રમુખ પદે અઢી વર્ષ માટે સામાન્ય પુરુષ બેઠશે કોણ બિરાજમાન હશે એ અંગે જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે પ્રમુખ અને ઉપપ્રમુખ પ્રદેશ ભાજપના મોવડીઓ કાલે ગાંધીનગરમાં નક્કી કરશે ગત અઠવાડિયામાં ગોંડલ ખાતે સેન્સ લેવાઈ ગઈ છે એમાંથી પદ નક્કી થશે જે દરેક સભ્યોને શિરોમાન્ય રાખવી પડશે અત્રે નોંધનીય છે કે જસદણ નગરપાલિકા પાસે પાણી પુરવઠા બોર્ડ અને પીજીવીસીએલના કરોડો રૂપિયા બાકી છે વેરાની રકમ અને અન્ય ગ્રાન્ટમાંથી નાણાં આવે છે પણ આ રકમથી કોઈ બચત થતી નથી એટલે એટલે જસદણ નગરપાલિકા દેવાદાર કહી શકાય છતાં પ્રમુખ બનવા માટે લાંબી લાઈન લાગી છે ત્યારે કોણ વિનર થશે તે અંગે ગણતરીના જ દિવસો બાકી રહ્યાં છે.

# સમાજ સુધારક નહિ બનો તો ચાલશે પણ સ્વભાવ સુધારક બન્યા વિના નહિ ચાલે : ધીરગુરુદેવ



અહેવાલઃ કનુભાઈ ખાચર

## બોટાદમાં ધીરગુરુદેવનું આગમન : પ્રવચન

બોટાદ, તા. ૪ઃ બોટાદ ખાતે મોટી વાડીમાં લાલચંદ સુખલાલ વસાણી પરિવારના સ્વદ્રવ્યથી નિર્મિત અને પૂ. શ્રી ધીરગુરુદેવ પ્રેરિત વિતરાગ વૈયાવચ્ચ ભવનમાં પ્રથમવાર પૂ. ગુરુદેવ પધારતાં પૂ. ભારતીજી મ. સ., પૂ. ધ્રુવીજી મ. સ. તથા સંઘે સ્વાગત કરેલ.

પૂ. ગુરુદેવે ધર્મસભામાં કહેલ કે આજના સ્પુટનિક યુગમાં સમાજ સુધારક નહિ બનો તો ચાલશે પણ સ્વભાવ સુધારક બન્યા વિના નહિ ચાલે. વધુમાં કહ્યું કે - ઘરમાંથી નીકળવું તે ત્યાગ અને આપણામાંથી ઘર નીકળે તે વૈરાગ્ય છે સાંપ્રત સમયમાં સંબંધો સાચવજો કેમકે આજનો માણસ એકલો થઈ ગયો છે. કોઈ ફોટો ખેંચાવાળા નથી એટલે સેલ્ફી લેવી પડે છે !!!

સાતાકારી પાટ માટે ભાવિકોએ ₹. ૧૫૦૦૦ના ગુણાંકમાં દાન જાહેર કરી લાભ લીધેલ. તા. ૪ને મંગળવારે સવારે ૯:૩૦ કલાકે ગઢડામાં પ્રવચન અને બપોરે સંઘજમણ યોજાશે. તા. ૫ને બુધવારે દામનગરમાં પ્રવચન અને સંઘજમણ રાખેલ છે.

# રાજકોટ જિલ્લાની તમામ નગરપાલીકામાં ભવ્ય વિજય બદલ જિલ્લા પ્રમુખ અલ્પેશભાઇ ઢોલરીયાને અભિનંદન પાઠવતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી



રાજકોટ, તા. ૪: દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન રાજકોટ એરપોર્ટ ખાતે આગેવાનો સાથે બેઘડી મુલાકાત કરી હતી. જે દરમિયાન રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઇ ઢોલરીયાને સ્થાનીક સ્વરાજ્ય ચૂંટણીમા ભાજપનાં ભવ્ય વિજય અને રાજકોટ જિલ્લામાં આવતી તમામ નગરપાલીકામા વિજય બદલ વાતચીત કરી અભિનંદન પાઠવ્યા હતા. અલ્પેશભાઈ ઢોલરીયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ને જણાવ્યુ હતુ કે પ્રથમ વખત રાજકોટ જિલ્લાએ તમામ નગરપાલીકામા વિજય મેળવ્યો છે. આ મુલાકાત ખાસ રહી તેવું અલ્પેશભાઈ ઢોલરીયાએ અંતમાં જણાવ્યું હતું.



રાજકોટની ધન્ય ધરા પર સૌના પ્રેરણાસ્ત્રોત, વૈશ્વિક નેતા આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબનું ઉષ્માભર્યું અભિવાદન કરતા સાંસદસભ્ય રામભાઈ મોકરીયા.

# અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલ ૩ મોબાઈલ ફોન પરત કરાયા

અમરેલી, તા. ૪: અમરેલી સીટી પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુઝકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગુમ થયેલ ૩ મોબાઈલ ફોન ટેક્નિકલ સોર્સ તથા ઈઊિઈછ પોર્ટલની મદદથી કુલ કિં.રૂ.30,000/- નો મુદ્દામાલ શોધી મુળ માલિકોને પરત કરતી અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ.








તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ મહેશભાઇ શામજીભાઇ ડાભી રહે.અમરેલીવાળા પોતાના કામ અર્થે અમરેલી લાઠી રોડ ઉપર પસાર થતા હોય ત્યારે પોતાનો મોબાઇલ કિં.રૂ.૧૧,૦૦૦/- પડી જવાથી ગુમ થયેલ જે મુળ માલીકને મોબાઇલ ફોન પરત કરેલ છે.


તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ રિજવાનભાઇ મહમદસિદ્ધિક બ્લોચ રહે.અમરેલીવાળા પોતાના કામ અર્થે અમરેલી શાક માર્કેટ ખરીદી માટે ગયેલ હોય ત્યારે પોતાનો મોબાઇલ કિં.રૂ.૧૪,૦૦૦/- પડી જવાથી ગુમ થયેલ હોય જે મુળ માલીકને મોબાઇલ ફોન પરત કરેલ છે.

તા.૧૪/૦૧/૨૦૨૫ના રોજ જીકરભાઇ હાજીભાઈ સોરઠીયા રહે.અમરેલીવાળા પોતાના કામ અર્થે અમરેલી બાગેઝોહરા સોસાયટીમાં ગયેલ હોય ત્યારે પોતાનો મોબાઇલ કિં.રૂ.૫,૦૦૦/- પડી જવાથી ગુમ થયેલ હોય જે મુળ માલીકના પત્નિને મોબાઈલ ફોન પરત કરેલ છે.

ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર તથા અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જીલ્લામાં બનવા પામેલ મિલકત સબંધીત ગુમના બનાવોમાં મુદ્દામાલ રિકવર કરી મુળ માલીકને પરત કરી તેરા તુઝકો અર્પણ કાર્યક્રમને સફળ બનાવવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ નાઓ દ્વારા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.

# પૂજ્ય જલારામ બાપા વિશે અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીના બેફામ બફાટથી યાત્રાધામ વીરપુરમાં ભારે રોષ





**અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનથી યાત્રાધામ વિરપૂરના આગેવાનો અને ભક્તોમાં ભારે આક્રોશ સાથે રોષ જોવા મળી રહ્યો છે ત્યારે વીરપુર વેપારી એસોસિએશનના ભરતભાઇ ગઢિયાએ જણાવ્યું હતું કે સ્વામીએ કરેલ આ નિવેદનને અમે વખોડીએ છીએ અને આવું નિવેદન ન જોઈએ, સ્વામી પાસે કોઈ આવું સાહિત્ય હોય તો લઈને વીરપુર આવે.**

**જગવિખ્યાત યાત્રાધામના સંત શિરોમણી પૂજ્ય જલારામબાપા વિશે કરેલ નિવેદનથી વીરપુરના વેપારીઓમાં પણ રોષ ફેલાયો છે ત્યારે વીરપુરના વેપારી રમેશભાઈ ગઢિયાએ જણાવ્યું હતું કે આ નિવેદન પૂજ્ય જલારામ બાપાના ઈતિહાસ વિષે ચેડાં કરીને ટિપ્પણી કરી છે,પૂજ્ય જલાબાપાએ સદાવ્રતની શરૂઆત પોતાના ગુરુ પૂજ્ય ભોજલારામ બાપાના આશીર્વાદ કરેલ અને તેમના જ આશીર્વાદથી ચાલે છે, જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદન કદાચ તેના ધર્મના પ્રચાર માટે કર્યું હશે**

**જ્ઞાનપ્રકાશ સ્વામિએ કરેલ નિવેદન સામે સમગ્ર ગુજરાત સહીત રઘુવંશી સમાજમાં ઠેરઠેર રોષ ફેલાયો છે ત્યારે વીરપુરમાં પણ તમામ સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે જેમને લઈને વીરપુરના સરપંચ રમેશભાઈ સરવૈયાએ જણાવ્યું હતું કે વીરપુરમાં સવારે અગિયાર વાગ્યે ગ્રામપંચાયત કચેરી ખાતે એક બેઠક યોજવામાં આવશે જેમાં વીરપુર વસતા તમામ જ્ઞાતીના તેમજ તમામ સમાજના સંસ્થાના આગેવાનો અને વેપારીઓ ઉપસ્થિત રહીને આગામી રણનીતિ નક્કી કરશે. હાલ તો જ્ઞાનપ્રકાશ સ્વામી પોતાનું નિવેદન પરત ખેંચે અને વીરપુર પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં આવી માફી માંગે તેવી પૂજ્ય જલારામ બાપાના ભક્તોમાં તેમજ ગ્રામજનોમાં માંગ ઉઠી છે.**

## ■ વીરપુર ગ્રામપંચાયત કચેરી ખાતે બેઠક યોજાશે, બેઠકમાં વીરપુરના તમામ જ્ઞાતિના આગેવાનો, વેપારીઓ, સંસ્થાઓના આગેવાનો સહિત તમામ લોકો ઉપસ્થિત રહેશે

વિરપુર, તા. ૪: "જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુંકડો" સૂત્રને સાર્થક કરનાર જગવિખ્યાત યાત્રાધામ વીરપુરના પૂજ્ય સંત શ્રી જલારામબાપા વિશે અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનનો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જેમને લઈને સમગ્ર ગુજરાત સહીત ઠેરઠેર રઘુવંશી સમાજમાં તેમજ પૂજ્ય જલારામ બાપાની જન્મભૂમિ અને કર્મભૂમિ વીરપુરમાં પણ રોષ ફેલાયો છે.

સુરતના અમરોલીના જ્ઞાન પ્રકાશ સ્વામી હાલ વિવાદમાં સપડાયા છે,સ્વામીએ કરેલ ટિપ્પણી ને લઈને રઘુવંશી સમાજ અને પૂજ્ય જલારામબાપાના ભક્તોમાં આક્રોશ ફેલાયો છે,સાથે ટિપ્પણી બાદ યાત્રાધામ વીરપુર આવતા લાખો ભક્તો સાથે રઘુવંશી સમાજના લોકો ગ્રામજનોમાં આક્રોશ સાથે આવતીકાલે વીરપુરમાં એક બેઠક યોજી રણનીત નક્કી કરશે.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી જ્ઞાન પ્રકાશ સ્વામી એ જલારામબાપા મુદ્દે ટિપ્પણી કરવા હાલ વિવાદ માં આવ્યા છે,સાથે સ્વામીએ ટિપ્પણી કરતા કહ્યું હતું કે, જલારામબાપા ઈતિહાસ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી સાથે જોડાયેલો છે, સાથે જલારામબાપા એ ગુણાતીતાનંદ સ્વામી પાસે આશિર્વાદ માગ્યા હોવાનો દાવો કર્યો હતો,તેમજ જલારામબાપા એ સ્વામી ગુણાતીતાનંદ પાસે સદાવ્રત કાયમી ના માટે ચાલે તેવા આશિર્વાદ આપ્યા હોવાનું કહ્યું હતું,અને કાયમીના માટે ભંડાર ભરેલ રહેશે તેવા આશીર્વાદ ગુણાતીતાનંદ સ્વામીએ આપ્યા હોવાનું નિવેદન જ્ઞાન પ્રકાશ સ્વામીએ કર્યું હતું,સાથે જલારામબાપા એ સ્વામી ગુણાતીતાનંદ જ્યારે વીરપુર આવ્યા ત્યારે દાળ અને બાટી જમાડ્યા હતા અને જલારામ બાપા જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં ઘણો સમય રહ્યા ને સેવા કરી હોવાનું નિવેદન કરતા હાલ આ નિવેદન થી પૂજ્ય જલારામ બાપાના ભક્તો સાથે રઘુવંશી સમાજમાં ભારે આક્રોશ સાથે રોષ ફેલાયો છે.

સ્વામીએ આપેલ નિવેદન મુદ્દે પૂજ્ય જલારામબાપાના વંશજ અને પૂજ્ય જલારામ બાપાની જગ્યાના ગાદીપતિના લઘુબંધુ અને પૂજ્ય જલારામ બાપાના પરિવારજન પૂજ્ય ભરતભાઇ ચાંદ્રાણીએ આજથી બસો પાંચ વર્ષ પહેલાં પૂજ્ય જલારામબાપાએ અમરેલી જિલ્લાના ફતેપુર ગામના પૂજ્ય ભોજલરામ બાપાની પ્રેરણા અને આશીર્વાદથી મહાસુદ બીજના દિવસે અન્નક્ષેત્રની શરૂઆત કરી હતી તેમજ પૂજ્ય જલારામ બાપાના ઇષ્ટદેવ ભગવાન શ્રી રામ હતા અને પૂજ્ય બાપા અવિરત પ્રભુ શ્રીરામ નામનું રટણ કરતા આ વાત પૂજ્ય જલારામબાપાને માનનારા લાખો ભક્તો સત્ય જાણે છે, જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનમાં પૂજ્ય જલારામ બાપાની જગ્યાના ગાદીપતિ અને પૂજ્ય જલારામ બાપાના પરિવારનું કોઈ સમર્થન નથી તેમ જણાવ્યુ હતુ.

સ્વામી જ્ઞાન પ્રકાશ દ્વારા કરેલ ટિપ્પણીને લઈને યાત્રાધામ વિરપૂરના ગ્રામજનો, રઘુવંશી સમાજ, આક્રોશ સાથે ભક્તોએ આ ટિપ્પણી ને વખોડી કાઢી હતી,તેમજ જલારામબાપા ઈતિહાસ વિષે આવી ટિપ્પણી ન કરવી જોઈએ સાથે સ્વામી પાસે કોઈ આવું સાહિત્ય હોય તો વીરપુર લઈને આવે, સાથે જલારામબાપા ઈતિહાસમાં ચેડાં ન કરવાની માંગ સાથે સદાવ્રત ભોજલારામ બાપાના આશીર્વાદ ચાલે છે, તેમજ જ્ઞાન પ્રકાશે કરેલ ટિપ્પણી કદાચ સ્વામી તેના ધર્મના પ્રચાર માટે આવી ટિપ્પણી કરી હશે,સાથે સ્વામી જ્ઞાન પ્રકાશ વીરપુર આવીને જલારામબાપા ની માફી માંગે તેવી માંગ ગ્રામજનો ભક્તો અને રઘુવંશી સમાજ કરી રહ્યો છે,સાથે સ્વામીએ કરેલ ટિપ્પણી મુદ્દે આજે સવારે અગિયાર વાગ્યે વીરપુર ગ્રામપંચાયત કચેરી ખાતે યાત્રાધામ વીરપુરના ગ્રામજનો તેમજ તમામ જ્ઞાતિના આગેવાનો, વેપારીઓ, સંસ્થાઓ,સાથે એક બેઠક મળશે અને આ બેઠક માં ટીપ્પણી મુદ્દે રણનીતિ નક્કી કરવામાં આવશે.

વિવાદ વધતા જ્ઞાન પ્રકાશ સ્વામીએ માફી માંગતો વિડિઓ જાહેર કરીને માફી માંગી હતી,વિડિઓમાં સ્વામીએ કહ્યું હતું કે, જલારામબાપા ચરણોમાં સત સત વંદન, થોડા સમય પહેલા મેં એક બુકમાં પ્રસંગ વાંચ્યો હતો, એજ પ્રસંગ મેં એક મેગેજીનમાં પણ વાંચ્યો હતો, મને એવું લાગ્યું કે આમાં જલારામબાપા ખૂબ સારી વાત કરવામાં આવી છે,એટલે બાપાના મહિમા વિશે વાત રજૂ કરી હતી સાથે અયોધ્યામાં જલારામબાપાની જગ્યા તરફ ધરવામાં આવતા થાળ અંતર્ગત વાત કરી હતી, ત્યારે કોઈપણ સમાજ કે વ્યક્તિની લાગણી દુભાણી હોય તો માફી માગું છું અને વિડિઓ પણ ડીલીટ કરી દીધો હોવાનું જણાવ્યું હતું.

# અમરેલી ટીપી ગાંધી ગર્લ્સ સ્કુલ ખાતે વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ ની મહિલા પોલીસ સ્ટેશન દ્વારા કાયદાકીય માહિતી અપાઈ

અમરેલી, તા. ૪: પોલીસ અધિક્ષક સા.માર્ગદર્શન હેઠળ મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર સા.ની સુચના મુજબ મહિલા પોલીસ સ્ટેશન અમરેલીના સુમૈયાબાનુ એ. બેલીમ, ઝડ્ઈ મીરાંબેન બી. દેવમુરારી તથા જીલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી ના માર્ગ દર્શન હેઠળ બેટી બચાવો બેટી પઢાવો યોજના ના ૧૦ વર્ષ ની ઉજવણીના ભાગરૂપે ૨૨ જાન્યુઆરી થી ૮ માર્ચ સુધી ઉજવવાના થતા અઠવાડિયા ની ઉજવણી મુજબ આજે નગર પાલિકા સંચાલિત પ્રાથમિક શાળામાં ગુડ ટચ બેડ ટચ કાર્યક્રમ આયોજન કરેલ. જાનાબેન



ગલચર તેમજ મીનાક્ષીબેન મકવાણા, ।બતભ કાઉન્સેલર રોશનીબેન મચ્છર અને રેશમાબેન, રીટાબેન હાજર રહેલ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ ની માહિતી આપેલ તેમજ પોલીસ કર્મચારીઓ દ્વારા બાળકોને એકટીવીટી કરાવેલ. તેમજ મહિલા અને બાળ કચેરીમાં ચાલતી યોજનાઓ ની માહીતી આપેલ તેમજ મહિલા સહાયતા કેન્દ્ર વિષે માહિતી આપેલ. તેમજ ૧૮૧ મહિલા અભયમ હેલ્પ લાઈન વિષે માહીતી આપેલ. કાર્યક્રમ ના અંતે યોજનાકીય પેમ્પલેટ તેમજ વિતરણ કરેલ.જીલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી અમરેલી

# કોટડાસાંગાણીના પીપલાણા ગામે સરકારી ખરાબાની જમીન પરનું દબાણ દૂર કરતું તંત્ર




કોટડાસાંગાણી,તા.૪: કોટડાસાંગાણીના પીપલાણા ગામે સરકારી ખરાબાની જમીન ઉપર દબાણ કરવામાં આવેલ હતું કલેકટર પ્રભવ જોષી રાજકોટના આદેશથી અને શ્રી મહક જૈન,આસિસ્ટન્ટ કલેકટર રાજકોટ શહેર-૨, રાજકોટ ના માર્ગદર્શન હેઠળ કોટડાસાંગાણી તાલુકાના પીપલાણા ગામે આવેલ સરકારી ખરાબાની જમીન ઉપર દબાણ દુર કરવામાં આદેશ કરવામાં આવેલ અને ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં કરોડોની જમીન ઉપર દબાણ કરવામાં આવેલ હતું.

જે જમીન ની બાજાર કિંમત ૨,૫૬ આશરે જાણવામળેલ કરોડની જેવી કીંમત ની જમીન ઉપર દબાણ દુર કરવામાં આવેલ જે જમીન સર્વે નંબર ૧૨ માં દબાણદારશ્રીઓ ૧.પરેશભાઈ ગોવિંદભાઈ જાતિયાણી, સ્ટાર પેક ઈન્ડસ્ટ્રીઝ, દબાણ આશરે ૨૮૦૦ ચો.મી. ૨.ઘનશ્યામભાઈ કનુભાઈ ચોવટીયા, ટોપ ક્રેન, દબાણ આશરે ૨૦૦ ચો.મી. ૩.શૈલેષભાઈ ગઢિયા, વિષ્ણુ સીન્ટેક દબાણ આશરે ૨૦૦ ચી.મી. જમીનમાં આવેલ ઔદ્યોગિક એકમોમાં મળી કુલ દબાણ ૩૨૦૦ ચો.મી. જમીનમાં ઔદ્યોગિક હેતુસર થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવેલ છે.દબાણવાળી જમીનની આશરે બજાર કિંમત રૂપિયા ૨.૫૬ કરોડની હોવાનું જણાય છે. દબાણ દૂર કરવાની કામગીરી શ્રી જી.બી.જાડેજા, મામલતદાર, કોટડાસાંગાણી તથા હિનાબેન ગોહેલ, નાયબ મામલતદાર દબાણ, સંજયભાઈ રૈયાણી, સર્કલ ઓફિસર, નયનભાઈ રાજા, નાયબ મામલતદાર અને અમિતભાઈ બાવળિયા, રેવન્યુ તલાટી વિગેરે દ્વારા ટીમ સાથે કરવામાં આવેલ છે.

# હવે બે માસમાં ગ્રામ્ય પંચાયતોની ચુંટણીઓ યોજાશે




રાજકોટ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં આ વર્ષમાં પુરી કરવાના નિર્ણયમાં હાલમાં જ જુનાગઢ મહાપાલિકા અને ૬૬ નગરપાલિકાઓ તથા ૬ તાલુકા પંચાયત અને ખાલી પડેલી બેઠકોની ચુંટણી યોજાયા બાદ હવે ૪૦૦૦ થી વધુ ગ્રામ્ય પંચાયતોની ચુંટણીઓ યોજાવાની તૈયારીમાં છે. ચોમાસા પુર્વે તે યોજી દેવાશે. સૂત્રોના જણાવ્યા મુજબ મે-જૂન માસમાં આ ચુંટણીઓ યોજાશે. જો કે મોટા ભાગની ગ્રામ્ય પંચાયતો સમરસ કરવાનો સરકારનો ઈરાદો છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળી દ્વારા

# કુલપતિ પ્રોફે. ઉત્પલ એસ.જોશીનું ગરીમાપૂર્ણ અભિવાદન

## ■ કોઈપણ સહકારી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય તેના સભાસદોના હિતોને ટોચ અગ્રતા આપવાનો હોય છે : નરેન્દ્રસિંહ જાડેજા

રાજકોટ, તા. ૪ઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારી ગ્રાહક ધિરાણ સહકારી મંડળીની ખાસ સાધારણ સભા તા.૨૭૨૨૦૨૫ને ગુરુવારના રોજ સાંજે ૪૩૦ કલાકે ગુજરાતી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડોલરરાય માંકડ સભાગૃહમાં યોજાઈ હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ પદે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. ઉત્પલ જોશી અને મુખ્ય મહેમાન તરીકે શ્રી રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વેદમંત્રોનું ગાન કરીને ગુજરાતી ભવનના વડા પ્રોફે. મનોજ જોશીએ પ્રાર્થના રજૂ કરી હતી. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ મહોદયશ્રી અને મુખ્ય મહેમાનશ્રી તેમજ મંડળીના હોદેદારો દ્વારા દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. મંડળીના પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ મંચસ્થ મહાનુભાવોનું ઉષ્માપૂર્ણ શાબ્દિક સ્વાગત કર્યું હતું તેમજ મંડળીની કામગીરી વિશે ટૂંકમાં વિગતો આપી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી.




મંડળીના હોદેદારો દ્વારા કુલપતિશ્રી પ્રોફે. ઉત્પલ જોશી તથા મુખ્ય મહેમાનશ્રી નરેન્દ્રસિંહજી જાડેજાનું પુષ્પગુચ્છ, શાલ અને સ્મૃતિચિહ્ન દ્વારા ગરીમાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું. સમારોહના મુખ્ય મહેમાન શ્રી નરેન્દ્રસિંહ જાડેજા અને સહકારી મંડળીના હોદ્દેદારોએ કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશીને સન્માન પત્ર અર્પણ કર્યું હતું.આ પ્રસંગે કુલપતિશ્રીએ અધ્યક્ષસ્થાનેથી બોલતાં જણાવ્યું હતું કે ``આપણી યુનિવર્સિટીની શૈક્ષણિક કર્મચારી ગ્રાહક અને ધિરાણ મંડળી ખૂબજ ઉત્તમ કામગીરી કરી રહી છે. જેની સરાહના કરું છું. આ મંડળી ઉત્તરોત્તર પ્રગતિ કરે સેવા સંપ અને સહકારના ધ્યેયમંત્રને વિશેષરીતે ઉજાગર કરે એવો રાજીપો વ્યક્ત કરું છું.'' મુખ્ય મહેમાન શ્રી નરેન્દ્રસિંહ જાડેજાએ સહકારી માળખાના પોતાના બહોળા અનુભવને આધારે કહ્યું હતું કે ``આ મંડળીની કામગીરીને હું બિરદાવું છું તેમજ મંડળીના સભાસદોને જરૂરી માર્ગદર્શન આપતાં જણાવ્યું કે કોઈપણ સહકારી સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ તેના સભાસદોને મહત્તમ લાભ આપી અને તેમની આર્થિક સદ્ધરતા જાળવવી એ હોવો જોઈએ. સભા સદોના હિતને કેન્દ્રમાં રાખીને સહકારી સંસ્થા

કાર્યરત રહેતોજ સહકારી માળખુ મજબૂત રીતે આગળ વધે અને કાયમી ટકી રહે તેમજ વધુમાં વધુ લોકો આ સહકારની પ્રવૃત્તિમાં સામેલ થાય.``નરેન્દ્રસિંહ જાડેજાએ કુલપતિશ્રીનો આગામી પાંચ વર્ષનો કાર્યકાળ ખૂબ જ યશસ્વી રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સર્વાંગી વિકાસમાં આ યુનિવર્સિટીની કાયદા વિદ્યાશાખાના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે યુનિવર્સીટીને ઉપયોગી થવા માટે પ્રતિબદ્ધતા અને તત્પરતા દાખવી હતી. ત્યારબાદ ભૌતિકશાસ્ત્ર ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. હિરેન જોશીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં શૈક્ષણિક સહકારી મંડળી સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં. આ પ્રસંગે ભૌતિકશાસ્ત્ર ભવનના ભૂતપૂર્વ પ્રોફે. અને અધ્યક્ષ મિહીર જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

મંડળીની ખાસ સાધારણ સભાની કામગીરી ઉપસ્થિત સભાસદોની હાજરીમાં કરવામાં આવી હતી. જેમાં સર્વાનુમતે મહત્તમ ત્રીસ લાખની લોન મર્યાદાને વધારીને સાઈઠ લાખ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ખાસ સાધારણ સભાના અંતે ભૌતિકશાસ્ત્ર ભવનના પ્રોફેસર અને સહકારી મંડળીના ઉપપ્રમુખ ડો. જયંત ભાલોડિયાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારું સંચાલન મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફે. યોગેશ જોગસણે કર્યુ હતું. કુલપતિ પ્રોફે. ઉત્પલ એસ . જોશી અને શ્રી રાજકોટ લોધિકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ પ્રોફે. જયંત ભાલોડિયા, મંત્રી પ્રોફે. વી.જે. કનેરીયા, સહમંત્રી પ્રોફે.યોગેશ જોગસણ, ખજાનચી ડો. રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો - પ્રોફે. સંજય ભાયાણી, પ્રોફે. આર. બી. ઝાલા, પ્રો.અતુલભાઈ ગોસાઈ, પ્રોફે.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિનભાઈ સોલંકી , ડો.ભરતભાઈ ખેર અને ગુજરતી ભવનના વરિષ્ઠ પ્રોફેસર ડો. દીપકભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

# જીવરાજપાર્ક વિસ્તારમાંથી વૃધ્ધાના ગળામાંથી ચેઈન ઝુંટવી નાસી છૂટતી બેલડીનો પર્દાફાશ

રાજકોટ. તા.૪ઃ જીવરાજપાર્ક વિસ્તાર ચેઈન સ્નેચિંગ માટે હોટ સ્પોટ બન્યું હોય તેમ દરરોજ એક ચિલઝડપનો બનાવ સામે આવતો હતો. વિસ્તારમાંથી વૃધ્ધાના ગળામાંથી ચેઈન ઝુંટવી નાસી છૂટતી બેલડીનો પર્દાફાશ થયો હતો અને ફરીવાર લાંબા સમયથી પોલીસને હંફાવતી બેલડીને ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમોએ દબોચી લઈ સઘન પૂછતાછ હાથ ધરી હતી. બેલડીએ પાંચથી વધું ચિલઝડપ કર્યાની પ્રાથમિક કબુલાત આપી હતી. એક અઠવાડિયામાં જ બે ચિલઝડપ સહિત કુલ આઠ ચિલઝડપના બનાવો સામે આવ્યાં છે.

જેમાં કસ્તુરી રેસીડન્સી બ્લોક નંબર.૩ અંબીકા ટાઉનશિપ, જીવરાજ પાર્કમાં રહેતાં જયોત્સનાબેન મહેંદ્રભાઇ પટેલ ઘરેથી બહાર સોસાયટીમા વોકીંગ માટે નીકળેલ હતાં અને ચાલીને કસ્તુરી રેસીડન્સી મેઇન રોડ પર ગયેલ અને જીવરાજ પાર્કના ગેઇટ થી પરત સોસાયટીમાં આવતાં હતા. ત્યારે તુલસી લાઇવ બેકરીથી થોડે આગળ સોસાયટીના મકાન નંબર ૧૭૮ ની સામે પહોંચતા સામેથી તેમની બાજુમા એક ડબલ સવારી બાઇક વાળા ધસી આવેલ અને પાછળ બેસેલ વ્યક્તિએ તેણીએ ગળામા પહેરેલ સોનાનો ચેઇન ઓચિંતા ઝુંટવી પુર ઝડપે બાઇક ચલાવી જીવરાજ પાર્ક તરફ જતા રહેલ હતા. તેમજ ગઈ તા.૨૨ ના પણ સ્પીડવેલ પાર્ટી પ્લોટ મેઈન રોડ પર વોકિંગમાં નીકળેલ એક વૃધ્ધાના ગળામાંથી સોનાના ચેઇનની ચીલઝડપનો બનાવ બન્યો હતો.

# રામ મંદિરમાં મોબાઈલ અને સાથે રહેલ અન્ય સામાન લઈ જવા પર પ્રતિબંધ

અયોધ્યા,તા.૪: પ્રયાગરાજમાં મહાકુંભના સમાપન બાદ રામનગરીમાં ભીડની સ્થિતિ ધીરે ધીરે સામાન્ય થઈ રહી છે. આ કારણે દોઢ મહિના બાદ રામલીલાના દર્શનાર્થીઓની સંખ્યા એક લાખથી નીચે ૯૪ હજાર પહોંચી ગઈ છે.

તીર્થક્ષેત્ર તરફથી જાહેર રિપોર્ટમાં શનિવારે દર્શનાર્થીઓની કુલ સંખ્યા ૯૪ હજાર દર્શાવાઈ છે. આ દરમિયાન તીર્થક્ષેત્ર તરફથી રામલલ્લાના દર્શનના સમયગાળામાં ફેરફારની હજુ કોઈ અધિકૃત જાહેર નથી થઈ.

આ સાથે જ સુરક્ષાના નિર્ધારિત ધોરણોનું પાલન બીજી વાર શરૂ થયું છે. દર્શનાર્થીઓના મોબાઈલની સાથે



સામાનોને પણ લઈ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. જેના કારણે શ્રીરામ જન્મભૂમિ પરિસરમાં આવેલ પીએફસીમાં લોકર સેવા બહાલ કરી દેવાઈ છે.

પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન મોની અમાસ પર્વ પહેલા ઉમટેલી ભીડને જોતા લોકલ સેવા બંધ કરી દેવાઈ હતી. દર્શનાર્થીઓને તેમના મોબાઈલને પણ લઈ જવાનો નિર્દેશ અપાયો હતો.આ દરમિયાન બેગેજ સ્કેનરમાં સામાનોની સામાન્ય તપાસ જ થતી હતી. હાલ શનિવારથી બધા પ્રતિબંધ ફરીથી લાગુ કરી દેવાયા છે. બીજી બાજુ ત્રણ માર્ચથી શૃંગાર આરતીને સમય ૬ વાગ્યાનો થયો છે અને બપોરે ૧૧.૫૦ વાગ્યા સુધી દર્શન ચાલુ રહેશે.

# હાઈવે - એક્સપ્રેસ વે પર દારૂની દુકાનો ન હોવી જોઈએ, હોસ્પિટલોની વ્યવસ્થા કરો : યોગી

લખનૌ,તા.૪: ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે રવિવારે અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે, એક્સપ્રેસ-વે અને હાઈ-વે પર કોઈ દારૂની દુકાનો ન હોવી જોઈએ. દારૂની દુકાનોના સાઈનેજ (સાઈન બોર્ડ) નાના કરવા જોઈએ.

હોળીના તહેવાર પહેલા સીએમ યોગીએ અધિકારીઓને કડક આદેશ આપ્યા છે. સીએમ યોગીએ કહ્યું કે, પરમીટ વગરની બસોને રસ્તા પર દોડવાની મંજૂરી ન આપવી જોઈએ. અનિયમિત વાહનો અને ઓવરલોડ ટ્રકો સામે અસરકારક પગલાં લેવા જોઈએ.

સીએમ યોગીએ કહ્યું કે, ફૂડ પ્લાઝાની જેમ રાજ્યના તમામ એક્સપ્રેસ વેની બંને બાજુએ હોસ્પિટલોની પણ વ્યવસ્થા કરવી જોઈએ. સત્તાવાર નિવેદન અનુસાર, ઉત્તર પ્રદેશ રાજ્ય માર્ગ સુરક્ષા પરિષદની બેઠકમાં, સીએમ યોગીએ રાજ્યમાં માર્ગ અકસ્માતોને રોકવા માટે જરૂરી માર્ગદર્શિકા આપી હતી.



આ બેઠકમાં સંબંધિત વિભાગોના મંત્રીઓ, સરકારી સ્તરના અધિકારીઓ, તમામ વિભાગોના ડિવિઝનલ કમિશ્નર, તમામ જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ કમિશનર અને પોલીસ અધિક્ષક () હાજર રહ્યા હતા.

માર્ગ અકસ્માતોના વાર્ષિક આંકડાઓની ચર્ચા કરતા સીએમ યોગીએ કહ્યું કે, વર્ષ ૨૦૨૪માં ઉત્તર પ્રદેશમાં ૪૬,૦૫૨ માર્ગ અકસ્માતો નોંધાયા હતા, જેમાં કુલ ૩૪,૬૦૦ લોકો ઘાયલ થયા હતા અને ૨૪ હજારથી વધુ લોકોના મોત થયા હતા. તેમણે કહ્યું કે આ આંકડા ખૂબ જ દુખદ છે અને તેને કોઈપણ કિંમતે ઘટાડવો પડશે.

સીએમ યોગીએ જણાવ્યું હતું કે, માર્ગ સલામતી સાથે સંબંધિત તમામ વિભાગોએ પરસ્પર સંકલન અને સામૂહિક પ્રયાસો દ્વારા માર્ગ અકસ્માતની ઘટનાઓને કાબૂમાં લેવી જોઈએ અને રાજ્યના તમામ રસ્તાઓ પરના બ્લેક સ્પોટ્સને ઓળખીને તેનું સમારકામ કરાવવું જોઈએ.

માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોની સારવાર અંગે ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ કહ્યું, એક્સપ્રેસ વેની બંને બાજુએ ફૂડ પ્લાઝા જેવી હોસ્પિટલોની વ્યવસ્થા કરો.

# ઈઝરાયેલમાં ગેરકાયદે ઘુસવાની કોશિશ કરનાર ભારતીયને સુરક્ષા દળોએ ઠાર કર્યો

તિરુવનંથપુરમ,(કેરળ),તા.૪: કેરળના એક વ્યક્તિની જોર્ડન બોર્ડર પર ગોળી મારીને હત્યા કરી દેવાઈ છે. આ સંબંધમાં તેના પરિવારને અમ્માનમાં હાજર ભારતીય દૂતાવાસનો એક પત્ર મળ્યો છે. પત્ર અનુસાર યુવક ત્રણ અન્ય લોકોની સાથે પર્યટક વિઝા પર જોર્ડન ગયો હતો. તેને સુરક્ષા દળોએ ગોળી મારી દીધી છે.

આરોપ લાગ્યો છે કે, આ ત્રણેય શખ્ય ગેરકાયદે બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં. મૃતકની ઓળખ થોમસ ગેબ્રિયલ પરેરા તરીકે થઈ. તેની ઉંમર ૪૭ વર્ષની હતી અને તિરુવનંતપુરમની પાસે થુંબાનો રહેવાસી હતો.

મૃતકની સાથે હાજર ૪૩ વર્ષીય એડિસન નામની એક અન્ય વ્યક્તિને પણ ગોળી વાગી હતી. જોકે તે ઠીક થઈ ગયો. થુંબાનો જ મૂળ રહેવાસી એડિસન પણ બે દિવસ પહેલા કેરળમાં પોતાના ઘરે પહોંચ્યો. આ ઘટના ૧૦ ફેબ્રુઆરીની છે. થોમસ અને એડિસન બંને માછીમાર સમુદાયથી હતાં અને ઓટોરિક્ષા ચલાવવાનું કામ કરતાં હતાં.

રિપોર્ટ્સ અનુસાર મૃતકના પરિવારજનોને જોર્ડનના અમ્માનમાં ભારતીય દૂતાવાસથી એક પત્ર મળ્યો, જેમાં કહેવામાં આવ્યું છે કે, થોમસ અને એક અન્ય વ્યક્તિ ગેરકાયદેસર રીતે કરકક જિલ્લામાં જોર્ડન બોર્ડર પાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. સુરક્ષા દળોએ તેને રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેણે ચેતવણી સાંભળી નહીં.

સુરક્ષા કર્મચારીઓએ તેની પર ગોળીઓ ચલાવી દીધી. એક ગોળી થોમસના માથામાં વાગી અને તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું. બાદમાં તેના મૃતદેહને સ્થાનિક હોસ્પિટલ મોકલી દેવાયા. વેરિફિકેશન બાદ મૃતદેહને ભારત લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવશે.પત્રમાં કહેવામાં આવ્યું છે કે, મૃતકના મૃતદેહ અને ખાનગી સામાનને લઈ જવામાં થોડો ખર્ચ આવશે, જે ટૂંક સમયમાં મોકલવામાં આવશે.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા



# પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે ફક્ત પાપણ જેટલો ભેદ હોય છે. ખુલ્લે તો પ્રકાશ બંધ થાય તો અંધકાર. કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

Since 2003
RAVI ENGLISH INSTITUTE ®

A/C Class

# Ravi ENGLISH INSTITUTE

*Where Growth is A Way of Life*

## SPOKEN ENGLISH

# અંગ્રેજી આટલું સરળ?

## એક વખત અચૂક મુલાકાત લો...

Learn English Language with
**MONEY BACK GUARANTEE...**

### અમારી વિશિષ્ટતાઓ...

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- **ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.**
- દરેક બેચમાં **મર્યાદીત સંખ્યા** અને **વ્યક્તિગત માર્ગદર્શન.**
- ડેઈલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
- **પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.**
- **૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.**
- જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વક્તા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
- આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..



**૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી**

**ત્રણ દિવસ ફ્રિ સેમિનાર**

ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...

**: હેડ ઓફીસ :** Mo.98793 29391
"શ્રી હરિ કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.

**: બ્રાન્ચ ઓફીસ :** Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.

Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
*Dream.Create.Inspire...*
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફ્રાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

Hi લખીને મોકલો

# 98983 17826



**અને જોડાઇ જાવ અમારી સાથે...**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલાપ ગ્રીન સિટી પાસે ૨ બીએચકેનો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઇ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062